Reg.under RNI NO. GUJGUJ/2009/29656, Registered under Postal Registration No. GAMC-777/2021-2023 valid upto 31st December-2023 issued by the SSPO's Amdavad City Division, Permitted to Post at Amdavad PSO on 1st & 16th of every Month. Publish on 1st & 16th of every Month.

૧ જૂન ૨૦૨૧
અંક : ૧૧
પૃષ્ઠ : ૧૬
કિ. રૂ. : ૬/-


ગુજરાતનું પાક્ષિક વિચારપત્ર

# નિરીક્ષક

સ્થાપના : ૧૯૬૮

અનુક્રમ


- રમેશ બી. શાહ ૨
  - ★ ગુજરાત સરકારની સ્વાસ્થ્યનીતિ
- ચંદુ મહેરિયા
  - ★ પાંચ રાજ્યોનાં પરિણામ : કૉંગ્રેસમુક્ત ભારતના સંકેત ? ૩
  - ★ મહિલા ખેડૂતોને બરાબરીનો હક નથી ૪
  - ★ 'અટક': ઓળખ અને જ્ઞાતિગુમાનના આટાપાટા ૫
- રાજેન્દ્ર દવે ૭
  - ★ ભરત દવે
- સુભાષ બ્રહ્મભટ્ટ ૮
  - ★ કર્મઠ રંગકર્મી ભરત દવે
- યોગેન્દ્ર વિ. ભટ્ટ ૧૦
  - ★ સમતોલ માનવીય શિક્ષણને સમર્પિત કુમારભાઈ
- પ્રફુલ્લ રાવલ ૧૧
  - ★ કરો ખમૈયા
- જાગૃત ગાડીત ૧૨
  - ★ શું રસીકરણ તંદુરસ્તીની સાચી દિશા છે?
- અભિજિત વ્યાસ ૧૪
  - ★ પ્રાસની રાસલીલા
- નિહાર મેઘાણી ૧૬
  - ★ ધીરે-ધીરે હું પણ

ભરત દવે
અંજલિ વિશેષ : પૃષ્ઠ ૭ થી ૯

## 'શબવાહિની ગંગા'ની સાખે

કોલકાતાથી પ્રસિદ્ધ થતા સુપ્રતિષ્ઠ અંગ્રેજી દૈનિક 'ટેલિગ્રાફ' (૧૯ મે)માં મેહુલ દેવકલાએ પારુલ ખખ્ખરની રચના 'શબ્દવાહિની ગંગા'ને વિશે અને મિશે જે લખ્યું તે ફ્રન્ટપેજ આખા પર પથરાઈ વિશ્વ-વાઈરલ થઈ ગયું! એનું નિમિત્ત પકડીને હું કેટલીક ચર્ચા કરવા ઇચ્છું છું, પણ શરૂઆત જરા પાછળ જઈને માર્ચ માસના 'અખંડ આનંદ'થી કરીશ. કવિમિત્ર હરિકૃષ્ણ પાઠક વર્ષોથી એમાં એકાન્તિક નિષ્ઠાપૂર્વક કાવ્યકોણનું સંપાદન બલ્કે સંમાર્જન કરે છે. એમાં આ જ કવયિત્રીની એક રચના પ્રગટ થઈ છે:

**લાગ્યો લાગ્યો લૂણો સરકાર,**
**કે બંગલો માંગે સમારકામ.**
**છેક પાયેથી પાંગરતો ક્ષાર,**
**કે બંગલો માંગે સમારકામ.**

હવે જ્યારે પાયેથી જ લૂણો લાગી રહ્યો છે, ત્યારે કવયિત્રી સમાપન તરફ જતાં પૂછે છે :

**તમે ક્યાં લગ આ ગાબડાં ઢાંકશો રે,**
**તમે ક્યાં લગ આ થીંગડાં મારશો રે.**

ઠીક છે, તમે કહેશો, 'શબવાહિની ગંગા' સિવાય પણ પારુલ ખખ્ખર વ્યાપક સામાજિક સંજ્ઞાન લેતાં રહ્યાં છે, ભલે ક્યાંક એમની છાપ સકારાત્મક ભાવગીતોના સેલારામાં કે હૃદયભીની વાર્તાસૃષ્ટિના હેલારામાં રમતી લેખિનીની હોય, પણ એ સામાજિક સંજ્ઞાન નથી લેતાં એવું છેક નથી.

વારુ. માર્ચમાં પ્રકાશિત 'બંગલો માગે સમારકામ' વસ્તુતઃ ક્યારે રચાઈ હશે તે આપણે જાણતા નથી. પણ એટલું ખસૂસ સમજાય છે કે સિસ્ટમ સડિયલ હોવાની પારુલની પ્રતીતિ છે. સિસ્ટમ સાથે કામ પાડનારા તંત્રશાહો ગાબડાં ઢાંકવામાં કે થીંગડાં મારવામાં ઇતિશ્રી જુએ છે. બેલાશક એ અધૂરી ને અધકચરી કામગીરી છે.

પણ કોવિડ-૧૯ની બીજી લહરમાં વાઈરસની વિભીષિકા સાથે કામ પાડવામાં, હાલ લગી કહો કે વાણીના વ્હાટવૉશે કામ લેતી જે નેતૃત્વશૈલી પ્રગટપણે ઊભરી રહી એના પર સીધા પ્રહાર સાથે પારુલનું સામાજિક સંજ્ઞાન ગુણાત્મકપણે આગળ વધે છે. બધાં કવયિત્રીની હિંમતને દાદ આપે છે. — અને એમાં કશું ખોટું પણ નથી. પણ હિંમતમાંથી જે પુખ્ત હોઈ શકતી સમજ ફોરે છે, મારી દૃષ્ટિએ ખરી ગુણાત્મકતા એમાં છે.

કવયિત્રીએ તો જે કહેવા જેવું લાગ્યું તે એમની કથિત જમણેરી છાપથી ઉફરાટે સંવેદનસોંસરી ઢબે કહી નાંખ્યું. આપણે જરા આ આખા ગાળામાં નેતૃત્વને ઉકેલવાનો પ્રયાસ કરીએ તે ઠીક રહેશે. ગયે વરસે સપ્ટેમ્બર અધવચ શીર્ષ નેતૃત્વમાં કોવિડ મદમર્દનનો એક દર્પીલો આવિર્ભાવ રૂંવે-રૂંવે સોડાવા લાગ્યો હતો. ચાલુ વરસે ફેબ્રુઆરીમાં ડાવોસ ખાતે વર્લ્ડ ઇકોનૉમિક ફોરમ મળ્યું, ત્યારે અમારે ત્યાં બધું ઊકલી ગયું છે અને હવે અમે જગતની ખિદમતમાં છીએ એવી હુંકારનમ્ર રજૂઆત થઈ હતી. ઘરઆંગણે આ રજૂઆતમાં 'વિશ્વગુરુ'નો ભાવ પ્રગટપણે દેખાતો હતો. વૅક્સિન વિશે વિશ્વ પરત્વે દાનવીર મુદ્રા પણ પૂરતા પ્રચાર સાથે પ્રસાર પામવા લાગી હતી. પ્રસાર ઓછો ને પ્રચાર ઝાઝો, એ જોકે સદાની તાસીર રહી છે. થોડાં અઠવાડિયાં પર ટીકોત્સવ શરૂ થયો ન થયો અને ખાલી-ખાલી ખખડવા લાગ્યો, ત્યારે તો પ્રસારશૂન્ય પ્રચાર પણ પાછો પડ્યો હતો. રાષ્ટ્રવાદને નામે ખરુંખોટું રાષ્ટ્રીય અભિમાન અને એ જેમાં મૂર્ત થતું હોય એવું નેતૃત્વ. (ઉપરાષ્ટ્રપતિ વેંકય્યા નાયડુના શબ્દોમાં 'ઈશ્વરનું વરદાન'— 'ગૉડ્ઝ ગિફ્ટ'.) અને પ્રચારનશાની જે વિકૃતિ, એની તો શી વાત! આપણે જે વૅક્સિન અન્ય દેશોને

*અનુ. પૃ. ૧૫*

# ગુજરાત સરકારની સ્વાસ્થ્યનીતિ / રમેશ બી. શાહ

ગુજરાતની સરકારના સ્વાસ્થ્યસેવાઓના પ્રધાન અને ગુજરાતના ડેપ્યુટી ચીફમિનિસ્ટરે ૩ માર્ચ, ૨૦૨૧માં દાવો કર્યો હતો કે અન્ય રાજ્યોમાં દર્દીઓને ખુલ્લા મેદાનમાં રાખવામાં આવ્યા છે. પણ ગુજરાતમાં સ્વાસ્થ્યસેવાઓના ઝડપી વધારાને કારણે એવી સ્થિતિ આવી નથી. આ દાવો વધારે પડતો હતો. ફેબ્રુઆરીમાં શરૂ થયેલા કોરોનામાં બીજા દોરમાં ગુજરાતમાં કોરોનાના દર્દીઓને હૉસ્પિટલમાં પથારીઓ મળી ન હતી. જીવનરક્ષક ઔષધિ મળી ન હતી, ઑક્સિજન પૂરો પાડવાનો પ્રશ્ન સમગ્ર રાજ્યમાં ઊભો થયો હતો. સમાજના અગ્રવર્ગો પણ આરોગ્યસેવાઓ મેળવી શક્યા ન હતા. સ્વાસ્થ્યસેવાઓનું માળખું એવું નથી કે એમાં સામાન્ય સુધારા કરવાથી તેને જરૂરિયાત પ્રમાણે સુધારી શકાય.

સરકારી હૉસ્પિટલોમાં પથારીઓની બાબતમાં ભારતનાં રાજ્યોમાં ગુજરાત બદતર સ્થિતિમાં છે. ઉપલબ્ધ આંકડા પ્રમાણે સમગ્ર દેશમાં એક લાખની વસ્તીએ ૧૩૮ પથારીઓ છે, પણ ગુજરાતમાં એ સંખ્યા ૧૦૦ કરતાં ઓછી છે. ગુજરાત કરતાં સામાજિક અને આર્થિક રીતે પછાત રાજ્યો રાજસ્થાન અને ઉત્તરપ્રદેશમાં એ સંખ્યા અનુક્રમે ૧૨૩ અને ૧૩૦ છે.

ગુજરાતમાં આ ઊણપ ઓછી કરવાને બદલે સ્વાસ્થ્યસેવાઓ પાછળના ખર્ચમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. ૨૦૨૧-૨૨ બજેટમાં ફાળવવામાં રૂપિયા ૯૧૪ કરોડ ફાળવવામાં આવ્યા હતા પણ ૨૦૨૧-૨૨ના વર્ષમાં સ્વાસ્થ્યસેવાઓ પાછળ ૮૫૬ કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા હતા, જે માથા દીઠ રૂપિયા ૧૫૦થી ઓછા થાય છે. એની સરખામણીમાં બિહાર જેવા પછાત રાજ્યમાં વધારે રૂપિયા ખર્ચવામાં આવ્યા હતાં. ગુજરાતના સ્વાસ્થ્ય અને કુટુંબકલ્યાણ માટેના ૨૦૨૧-૨૨ના બજેટમાં રૂપિયા ૧૧૩૨૩ કરોડ આવ્યા હતા. આનો અર્થ એવો થાય કે ગુજરાતમાં તેની રાષ્ટ્રીય આવકના ૦.૭ ટકા ખર્ચવામાં આવ્યા હતાં. આનો અર્થ એવો થાય કે ગુજરાતમાં સરકાર સ્વાસ્થ્યસેવાઓ પાછળ રોજના માથા દીઠ રૂપિયા પાંચ કરતાં ઓછું ખર્ચ કરે છે. ગુજરાતમાં ૨૦૧૮-૧૯ના વર્ષમાં સ્વાસ્થ્યસેવા માટેનું ખર્ચ ૫.૩૪ ટકા હતું. તે ૨૦૨૧-૨૨માં ૪.૮ ટકા થયું. આદર્શ એવો રજૂ કરવામાં આવે છે કે અંદાજપત્રમાં ૮ ટકા જેટલું ખર્ચ સ્વાસ્થ્યસેવાઓ પાછળ કરવું જોઈએ.

ગુજરાતમાં ૧૯૯૧માં દેશમાં અપનાવવામાં આવેલી ઉદારીકરણની નીતિની સાથે સ્વાસ્થ્યસેવાઓમાં ઘટાડો કરવામાં આવ્યો છે. તેને કારણે તે દેશનાં ‘બિમારુ’ રાજ્યોની હરોળમાં આવી ગયું છે, પણ ઉદારીકરણ માટેનું સૌથી અયોગ્ય ક્ષેત્ર સ્વાસ્થ્ય-સેવાઓ છે.

ઍલોપથી પર આધારિત આધુનિક તબીબીશાસ્ત્રે ચમત્કારો સર્જ્યા છે. પણ તે સાથે તે અત્યંત ખર્ચાળ થઈ ગયું છે. માત્ર તબીબીશાસ્ત્ર નહીં પણ એની સાથે સંકળાયેલો દવાઉદ્યોગ પણ અત્યંત મોંઘો થઈ ગયો છે. દવાઉદ્યોગમાં સંશોધન માટે ઘણું ખર્ચ કરવામાં આવે છે તે સાચું, પણ તેને આધાર બનાવીને ઘણાં વર્ષો સુધી ઉત્પાદનખર્ચની તુલનામાં ભારે કિંમત વસૂલ કરવામાં આવે છે. બીજી બાજુ ખાનગી હૉસ્પિટલો ફાઇવસ્ટાર હોટલ જેટલી સગવડો દર્દીને આપે છે. પણ તેની કિંમત વસૂલ કરવામાં આવે છે. દર્દીઓના હિતના નામે તબીબી શિક્ષણને બહુ લાંબું અને ખર્ચાળ કરવામાં આવ્યું છે. એના કારણે ડૉક્ટર થનાર મોટી આવકની અપેક્ષા રાખતો થઈ જાય છે. ટૂંકમાં, આધુનિક તબીબી સારવાર સાથે સંકળાયેલાં બધાં જ પરિબળો એને અત્યંત વૈભવી બનાવે છે.

આને કારણે અમેરિકા અને યુરોપ જેવા સમૃદ્ધ દેશોમાં પણ સામાન્ય કુટુંબને પરવડે એ કિંમતે આરોગ્યસેવાઓ પ્રાપ્ત થાય તે દિશામાં ગોઠવણો કરવામાં આવી છે. દા.ત. ઇંગ્લૅન્ડમાં સ્વાસ્થ્યસેવાઓ રાજ્ય દ્વારા મફત પૂરી પાડવામાં આવે છે. યુરોપના કેટલાક અન્ય દેશોમાં પણ સ્વાસ્થ્યસેવાઓ રાજ્ય પૂરી પાડે છે. અમેરિકા જેવા સંપૂર્ણપણે ખાનગી સાહસને વરેલા દેશમાં તબીબી સારવાર ખાનગી રાખવામાં આવી છે. પણ તબીબી વીમાપ્રથા દ્વારા તેને સામાન્ય કુટુંબને પરવડે એવો ઘાટ આપવામાં આવ્યો છે. આખરે તો વીમાની પ્રથામાં તબીબી સારવારનો બોજો દર્દીઓ ઉપર પડે છે, આ મૉડલ સફળ થયું નથી. તબીબી સારવારનું ખર્ચ વધતાં તબીબી-સારવાર મોંઘી થાય છે અને તે સાથે મેડિક્લેમનાં પ્રીમિયમ વધતાં જાય છે. તેથી ઘણાં કુટુંબો મેડિક્લેમનો લાભ લઈ શકતાં નથી. પણ અમેરિકાએ એવી નીતિ સ્વીકારી છે કે જે લોકો તબીબી સારવાર પોતાનાં ખર્ચે લઈ શકે તેમ ના હોય તેમને રાજ્ય દ્વારા એ સેવા પૂરી પાડવામાં આવે છે. ટૂંકમાં, નાણાંના અભાવે કોઈ કુટુંબ સ્વાસ્થ્યસેવાથી વંચિત રહેતું નથી.

આ સંદર્ભમાં આપણે ગુજરાત જેવા દેશના સમૃદ્ધ રાજ્યની સ્વાસ્થ્યસેવા માટેની નીતિને તપાસવી જોઈએ. ગુજરાતમાં કૉર્પોરેટ હૉસ્પિટલોને ભારે ઉત્તેજન આપવામાં આવ્યું છે. આ હૉસ્પિટલો અત્યંત ખર્ચાળ છે. તેમાં સારવાર લેવાનું સામાન્ય માણસના ગજાબહારનું છે. કોરોનાના બીજા મોજામાં અસંખ્ય લોકોને આ ખાનગી હૉસ્પિટલો કેટલી વૈભવી છે, તેનો પ્રત્યક્ષ અનુભવ થયો છે. કોરોનાના દર્દીઓને લાખોનાં બીલ ચૂકવવાનાં થયાં હોય તેવા ઘણાં પ્રસંગો બન્યા છે. માણસ પોતાનો જીવ બચાવવા માટે પોતાના ગજાબહારનું દેવું પણ કરે. પણ રાજ્યે જોવું જોઈએ કે સામાન્ય માણસ પણ તબીબી સારવારથી વંચિત ના રહે.

---

નોંધ : બિમારુ રાજ્યોમાં બિહાર, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ અને રાજસ્થાનનો સમાવેશ થાય છે. ભારતીય અર્થશાસ્ત્રીઓની ચર્ચામાં આ એક સ્થાપિત શબ્દપ્રયોગ થયો છે.


✳ ‘નિરીક્ષક’ દર માસની ૧ અને ૧૬ તારીખે પ્રકાશિત થાય છે.
✳ લવાજમ : (દેશમાં) વાર્ષિક રૂ.૨૦૦/- (વિદેશમાં) વાર્ષિક રૂ.૨૫૦૦/-
✳ વાર્ષિક લવાજમની રકમ ‘નિરીક્ષક પ્રકાશન’ના નામે ડ્રાફ્ટથી અથવા ચેક કે મ.ઓ.થી શાર્દૂલ પ્રિન્ટિંગ પ્રેસ, અમદાવાદના સરનામે મોકલવામાં આવે તે અપેક્ષિત છે. આજીવન સભ્યપદની રકમ ‘નિરીક્ષક ફાઉન્ડેશન’ના નામે અમદાવાદની બૅન્ક ઉપરના ડિમાન્ડ ડ્રાફ્ટ કે ચેકથી મોકલવા.
✳ સંપાદકીય પત્રવ્યવહાર : ‘પ્રકાશ’, નવરંગપુરા પોસ્ટ ઑફિસ પાછળ, અમદાવાદ ૩૮૦૦૦૯.
(ફોન : ૨૬૫૬૨૮૦૬)
✳ બ્લૉગ : nirikshakgujaratipakshik.wordpress.com


તંત્રી : પ્રકાશ ન. શાહ - E-mail : editor.nireekshak@gmail.com
સહયોગી તંત્રી (દેશાવર): વિપુલ કલ્યાણી
E-mail : vipoolkalyani.opinion@btinternet.com
સંપાદક : કેતન રુપેરા - E-mail : ketan.nireekshak@gmail.com



લવાજમ ભરવા માટે સરનામાં

| | |
|---|---|
| અમદાવાદ | ● **વિજય મેગેઝિન વર્લ્ડ** : ૬૨, કલ્યાણ ભવન, બીજા માળે, રૂપમ સિનેમા પાસે, રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧ |
| | ● **અદીત એજન્સી (એસ.બી. શાહ)** : ૭૨/૮૬૨, અંબિકા એપાર્ટમેન્ટ, અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ-૧૩ |
| | ● **સૌરભ પુસ્તક ભંડાર** : બી/૨૦, સ્થાપત્ય એપાર્ટમેન્ટ, સ્ટર્લિંગ હોસ્પિટલ પાસે, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨ |
| | ● **નવકાર મેગેઝિન એજન્સી** : એ, ૭૦૨, ચિન્મય ટાવર, વિશ્રામનગર, સુભાષચોક, મેમનગર, અમદાવાદ-૫૨ |
| | ● **ઈમેજ પબ્લિકેશન પ્રા.લિ.** : ૧-૨, પહેલા માળે, સેન્ચુરી બજાર, આંબાવાડી સર્કલ, અમદાવાદ-૩૮૦૦૦૬ |
| આણંદ | ● **મેગેઝિન વર્લ્ડ** : ગોપાલ ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, આણંદ-૩૮૮૦૦૧ |
| પાટણ | ● **એજ્યુકેશનલ એમ્પોરિયમ** : ૩૬, ઉમિયાનગર, પાટણ-૩૮૪૨૬૫ |
| ભાવનગર | ● **શિવમ એન્ટરપ્રાઇઝ** : બુક સેલર્સ એન્ડ સ્ટેશનર્સ, વનિતા વિશ્રામ સામે, ડોન રોડ, ભાવનગર-૦૧ |
| મહેસાણા | ● **નવનીત મેગેઝિન એજન્સી** : એસ-૬, શ્રદ્ધા કોમ્પ્લેક્સ, બીજા માળે, નગરપાલિકા સામે, મહેસાણા-૦૧ |
| | ● **પીયૂષ મેગેઝિન એજન્સી** : એસ/૨૧, એ, મુલ્કીભવન, વર્ધમાન વિદ્યાલય પાસે, બસ સ્ટેન્ડ પાસે, મહેસાણા-૦૧ |
| મુંબઈ | ● **ઈમેજ પબ્લિકેશન પ્રા.લિ.** : ૧૯૯/૧, ગોપાલભુવન, કલબાદેવી, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨ |
| સુરત | ● **કીમ એજ્યુકેશન સોસાયટી સ્ટુડન્ટ કન્ઝ્યુમર સ્ટોર્સ** : કીમ, જિ. સુરત-૩૯૪૧૧૦ |

જા.ખ.ના દર
આવરણ-૪
રૂ. ૪૦૦૦/-
આવરણ-૩
રૂ. ૩૦૦૦/-
અંદરનું આખું પાનું
રૂ. ૨૦૦૦/-
અંદરનું અડધું પાનું
રૂ. ૧૦૦૦/-
સેન્ટર સ્પ્રેડ
રૂ. ૪૦૦૦/-
પુસ્તકોની જા.ખ.
અડધા દરે

ચંદુ મહેરિયા

# પાંચ રાજ્યોનાં પરિણામ : કૉંગ્રેસમુક્ત ભારતના સંકેત ? /

૨૦૧૪ની લોકસભા ચૂંટણીપૂર્વે ભારતીય જનતાપક્ષના વડાપ્રધાનપદના ઘોષિત ઉમેદવાર અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ 'કૉંગ્રેસમુક્ત ભારત'નો વિચાર વહેતો કર્યો હતો. જાણે કે તેમની વાત સાચી ઠરવાની હોય તેમ ૨૦૧૪માં કૉંગ્રેસને માત્ર ૪૨ બેઠકો જ મળતાં લોકસભામાં સત્તાવાર વિપક્ષનું સ્થાન પણ ન મળ્યું. તે પછી ભાજપના નેતાઓએ કૉંગ્રેમુક્ત ભારતનું ચૂંટણી-અભિયાન આદર્યું અને રાજ્યોની ચૂંટણીઓ જીતતા રહ્યા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકસભામાં એમની કૉંગ્રેસમુક્ત ભારતના વિચારની આલોચનાના પ્રત્યુત્તરમાં ગાંધીજીની કૉંગ્રેસમુક્ત ભારતની અંતિમ ઇચ્છાની વાત કરી. હતી. 'આ વિચાર તેમનો નથી, ગાંધીજીનો છે', તેમ કહી વડાપ્રધાને ૧૫૦મા ગાંધીજન્મ-શતાબ્દી વરસે તેમના કૉંગ્રેસમુક્ત ભારતના સ્વપ્નને સાકાર કરવાનો સંકલ્પ પણ વ્યક્ત કર્યો હતો.

કેન્દ્રમાં બીજેપીનાં સાત વરસના શાસન દરમિયાનની પ્રત્યેક ચૂંટણીમાં કૉંગ્રેસમુક્ત ભારતનો નારો બુલંદ કરવામાં આવ્યો છે. ચૂંટણીઓમાં બીજેપીના વિસ્તાર અને કૉંગ્રેસના સંકોચન સાથે કૉંગ્રેસથી દેશ મુક્ત થઈ રહ્યાનાં ગાણાં ગવાય છે. તાજેતરના અસમ, કેરળ, પુડુચેરી, પશ્ચિમ બંગાળ અને તમિલનાડુ એ પાંચ રાજ્યોની વિધાનસભાઓનાં ચૂંટણીનાં પરિણામોને ભાજપ-કૉંગ્રેસની હાર-જીતની દૃષ્ટિએ મૂલવવા જેવાં છે. પાંચ રાજ્યોની કુલ ૮૨૨ બેઠકોની ચૂંટણીમાં ભાજપને ૧૪૭(કુલ બેઠકોના ૧૭.૮ ટકા) અને કૉંગ્રેસને તેના કરતાં લગભગ અડધી એટલે કે ૭૦ (૮.૫ ટકા) બેઠકો મળી છે.બીજેપીએ તેની અસમની રાજવટ જાળવી રાખી છે અને ટચૂકડા પુડુચેરીમાં તેનો સહયોગી પક્ષ સત્તાનશીન થયો છે. જોકે બીજેપીના અન્ય સહયોગી પક્ષ અનાદ્રમુકે તમિલનાડુમાં સત્તા ગુમાવી છે, પશ્ચિમ બંગાળમાં ઘણા ધમપછાડા કરવા છતાં તેને ધારી સફળતા મળી નથી. કેરળમાં તો તેનું ખાતું જ ખૂલ્યું નથી.

પુડુચેરીમાં કૉંગ્રેસનું રાજ હતું, પણ તેના ધારાસભ્યોના પક્ષપલટાને કારણે ચૂંટણીપૂર્વે જ સત્તા ગુમાવી હતી. એટલે પાંચમાંથી એકેય રાજ્યમાં તેની સત્તા નહોતી.તમિલનાડુમાં તેનો સહયોગી પક્ષ દ્રમુક સત્તા મેળવી શક્યો છે, તે તેની ઉપલબ્ધિ છે. કૉંગ્રેસને પશ્ચિમ બંગાળમાં અને ભાજપને કેરળમાં અનુક્રમે ૨૯૨ અને ૧૪૦ વિધાનસભા-બેઠકોના ગૃહમાં એકેય બેઠક મળી નથી. બીજેપીને સૌથી વધુ બેઠકો અને મત (૭૭ બેઠકો અને ૩૮.૧૩ ટકા મત) પશ્ચિમ બંગાળમાં મળ્યાં છે. તો કૉંગ્રેસને સૌથી વધુ બેઠકો અને મત (બેઠકો ૨૯ અને મત ૨૯.૭ ટકા) અસમમાં મળ્યાં છે. કેરળમાં ૧૧.૩૦ ટકા મતો મેળવવા છતાં એકેય બેઠક નહીં જીતી શકેલી બીજેપીને તે પછીના ક્રમે સૌથી ઓછી ૪ બેઠકો અને ૨.૬૨ ટકા મત તમિલનાડુમાં મળ્યાં છે. પશ્ચિમ બંગાળમાં ૨.૯૩ ટકા મત અને શૂન્ય બેઠકો મેળવનાર કૉંગ્રેસને તમિલનાડુમાં સૌથી ઓછા ૪.૨૭ ટકા મત(પણ બેઠકો ૧૮) અને પુડુચેરીમાં માત્ર બે જ બેઠકો અને ૧૫.૭૧ ટકા મત મળ્યાં છે.

વિધાનસભા બેઠકોના સંખ્યાબળની રીતે ભાજપ અસમમાં પ્રથમ, બંગાળ અને પુડુચેરીમાં બીજા, જ્યારે તમિલનાડુમાં પાંચમા ક્રમનો પક્ષ છે. સંખ્યાબળની દૃષ્ટિએ કૉંગ્રેસ એકેય વિધાનસભામાં પ્રથમ ક્રમે નથી, પરંતુ અસમ અને કેરળમાં બીજા તો તમિલનાડુમાં ત્રીજા ક્રમે છે. ભાજપને પાંચેય રાજ્યોમાં સરેરાશ ૧૯.૭૮ ટકા અને કૉંગ્રેસને ૧૫.૫૪ ટકા મત મળ્યા છે. ભાજપ અસમમાં સત્તાપક્ષે, પુડુચેરીમાં સત્તાના ભાગીદાર તરીકે અને બંગાળમાં મુખ્ય વિપક્ષ છે. કૉંગ્રેસ એકેય રાજ્યમાં સત્તાપક્ષ નથી, પરંતુ તમિલનાડુમાં તે સત્તામાં ભાગીદાર છે, અસમ અને કેરળમાં તે અને પુડુચેરીમાં તેનું ગઠબંધન મુખ્ય વિપક્ષ છે.

પાંચ રાજ્યોનાં ચૂંટણી-પરિણામોની આ સઘળી વિગતો દર્શાવે છે કે કૉંગ્રેસનું દેશના મુખ્ય વિપક્ષ અને બીજેપી પછીના ક્રમના પક્ષ તરીકેનું સ્થાન અકબંધ છે. સંસદના બંને ગૃહોમાં અને ઘણાં રાજ્યોની વિધાનસભાઓમાં કૉંગ્રેસ મુખ્ય વિપક્ષ છે. પંજાબ, છત્તીસગઢ અને રાજસ્થાનમાં તે સત્તામાં છે. મહારાષ્ટ્ર અને ઝારખંડમાં તે ગઠબંધન સરકારોનો હિસ્સો છે. કૉંગ્રેસ ચૂંટણી હારી છે, સત્તા ગુમાવી છે, પરંતુ તેનો પૂર્ણ ક્ષય થઈ ગયો નથી. તેથી બીજેપીનું કૉંગ્રેસમુક્ત ભારતનું સ્વપ્ન હજુ ફળીભૂત થાય તેમ નથી.

કૉંગ્રેસમુક્ત ભારત ઇચ્છતા વડાપ્રધાન ખરેખર તો વિપક્ષમુક્ત અર્થાત્ આપખુદ સત્તામાં માને છે, એવી ટીકાઓ થઈ હતી. વડાપ્રધાને રાજકીય રીતે વિપક્ષને સમાપ્ત કરવાનો તેમનો કહેવાનો મતલબ નથી.એવી સ્પષ્ટતા કરી હતી. તેઓએ કૉંગ્રેસમુક્ત એટલે કૉંગ્રેસ કલ્ચરમુક્ત દેશ એમ કહ્યું હોવાનો બચાવ કર્યો હતો. વડાપ્રધાનના મતે કૉંગ્રેસકલ્ચર એટલે પરિવારવાદ કે વંશવાદ, સત્તાનું કેન્દ્રીકરણ, જાતિવાદ, ભ્રષ્ટાચાર, શોષણ છે. ખુદ કૉંગ્રેસે પણ આ કલ્ચરથી મુક્ત થવાની જરૂર છે, એમ પણ તેમણે કહ્યું હતું. વડાપ્રધાન કૉંગ્રેસકલ્ચર તરીકે કૉંગ્રેસની જે ખામીઓ ગણાવે છે, તે ભાજપસહિતના પક્ષોમાં શું ઓછાવત્તા પ્રમાણમાં જોવા મળતી નથી?. શું આ બધી ખામીઓ પર કૉંગ્રેસનો જ ઇજારો છે ? એટલે વડાપ્રધાનનો આ તર્ક ગળે ઊતરે એવો નથી. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સુપ્રીમો મોહન ભાગવત કૉંગ્રેસમુક્ત ભારત જેવા શબ્દને રાજકીય મુહાવરો ગણાવી તે સંઘની ભાષા ન હોઈ સંઘ તેના સાથે સંમત નથી, તેમ જણાવે છે. કૉંગ્રેસનેતા રાહુલ ગાંધીનો મત છે કે તેઓ બીજેપીની વિચારધારા સામે અમે લડીશું પણ તેને રાજકીય રીતે ખતમ કરી દેવાની વાત ક્યારેય નહીં કરે. કેમકે તે સમાજના એક વર્ગની અભિવ્યક્તિ છે અને લોકતંત્રમાં તેને પણ તેની અભિવ્યક્તિનો અધિકાર છે.

ગાંધીજી કૉંગ્રેસમુક્ત ભારત ઇચ્છતા હતા, તેવી દલીલમાં પણ અર્ધસત્ય છે. હા, એ સાચું કે હત્યાના માત્ર ત્રણ દિવસ પહેલાં, ૨૭મી જાન્યુઆરી, ૧૯૪૮ના રોજ, ગાંધીજીએ એક નોંધમાં લખ્યું હતું કે, "પોતાના હાલના બદલાયેલા સ્વરૂપમાં કૉંગ્રેસે તેની ભૂમિકા પૂર્ણ કરી દીધી છે, એટલે તેનું વિસર્જન કરી તેને એક લોકસેવકસંઘમાં રૂપાંતરિત કરી દેવી જોઈએ. " ગાંધીજી અને કૉંગ્રેસના નેતાઓ સ્વાતંત્ર્યોત્તર ભારતમાં કૉંગ્રેસની બદલાયેલી ભૂમિકા અને તેના પુનર્ગઠન વિશે જે વિચારતા હતા, તેનો પ્રતિઘોષ ગાંધીજીની આ નોંધમાં છે.તેને અંતિમ ઇચ્છા કે વસિયતનામા રૂપે ખપાવીને દેશને વિપક્ષમુક્ત કરવા માંગતાં બળોએ ગાંધીજીની આ વાત વિસારે પાડવા જેવી નથી : " કૉંગ્રેસ દેશનું સૌથી જૂનું રાજકીય સંગઠન છે. તેણે ઘણાં અહિંસક આંદોલનો દ્વારા આઝાદી મેળવી છે. તેને ખતમ કરવાની મંજૂરી આપી શકાય નહીં.તે માત્ર ને માત્ર રાષ્ટ્રની સાથે જ ખતમ થશે. " પાંચ રાજ્યોનાં પરિણામો કૉંગ્રેસમુક્ત ભારતનો સંકેત આપતાં નથી, ત્યારે ગાંધીજીના નામે કૉંગ્રેસમુક્ત ભારત ઇચ્છતા લોકો કમ સે કમ "કૉંગ્રેસ રાષ્ટ્રની સાથે જ ખતમ થશે", એવી ગાંધીજીની વાત કાળજે ધરે તોય ઘણું

# મહિલા ખેડૂતોને બરાબરીનો હક નથી

૨૦૦૭ની રાષ્ટ્રીય કૃષિનીતિ ભલે ‘જેની રોજી ખેતી પર નિર્ભર હોય’ તેને અર્થાત્ સ્ત્રી-પુરુષ સૌને ખેડૂત ગણે, ‘સાર્થ ગુજરાતી જોડણીકોશ’માં પુંલ્લિંગ શબ્દ ખેડૂતનો અર્થ, ‘ખેડવાનો ધંધો કરનાર કે તે વર્ગનો આદમી’ જણાવ્યો છે ! ‘ગૂગલ’ તો એથી આગળ વધીને ‘જે ખેતરનો માલિક કે પ્રબંધક છે’ તેને જ ખેડૂત ગણે છે. જેમ મોટા, મધ્યમ અને સીમાંત ખેડૂત, જમીનમાલિક અને જમીનવિહોણા ખેડૂત એવા વર્ગ છે, તેમ પુરુષ ખેડૂત અને મહિલા ખેડૂત એવા પણ બે વર્ગ ભારતીય કૃષિક્ષેત્રે પ્રવર્તે છે. ત્રણ કૃષિકાયદા વિરુદ્ધના વર્તમાન કિસાન-આંદોલનમાં મહિલા-કિસાનો બરાબરની ભાગીદાર છે, પણ સમાજમાં મહિલા ખેડૂતોને બરાબરીનો હક નથી

ઇતિહાસ ગવાહ છે કે ખેતીની શરૂઆત સ્ત્રીઓએ કરી હતી. જ્યારે મનુષ્યની આદિમ અવસ્થામાં પુરુષો શિકારની શોધમાં જતા હતા, ત્યારે સ્ત્રીઓએ જ સૌપ્રથમ બી એકઠાં કરી તેને ઉગાડવાનો પ્રયાસ કર્યો હતો. શ્રમબળસર્વેક્ષણ ૨૦૧૮-૧૯માં જણાવ્યા પ્રમાણે ભારતનાં ગામડાંઓમાં ૭૧.૧ ટકા સ્ત્રીઓ અને ૫૩.૨ ટકા પુરુષો ખેતીનાં કામો કરે છે. યુવાન જ નહીં, તમામ ઉંમરની મહિલાઓ ખેતીનાં કામોમાં જોતરાયેલી છે. ૨૦૧૧ની વસ્તીગણતરી મુજબ ૫થી ૯ વરસની ૧.૨૦ લાખ બાળકીઓ અને ૮૦ વરસથી વધુ ઉંમરની ૧.૨૧ લાખ વૃદ્ધાઓ ખેતીનું કામ કરે છે.

દેશમાં ખેડથી ખળા અને બીથી બજાર સુધીનાં ૭૫થી ૮૦ ટકા ખેતીનાં કામો મહિલાઓ કરે છે પરંતુ તે ખેડૂત નહીં. ખેતીકામની સહાયક કે કામદાર ગણાય છે.એટલું જ નહીં, આપણાં ખેતઓજારો મહિલાઓના પહેરવેશને અનુકૂળ આવે અને તેને કામ કરવામાં સરળતા રહે એવાં નથી. પુરુષોના ભાગે આવતા ખેડવા, લણવાનાં કામોમાં યંત્રોની શોધ થઈ છે અને ઉપયોગ વધ્યો છે, પણ મહિલાઓના નીંદામણ-ગોડામણનાં કૃષિકામોમાં કોઈ યંત્રો શોધાયાં નથી એટલે તેની શારીરિક મહેનત યથાવત્ રહી છે.

વધુ શારીરિક શ્રમનાં ખેતીકામો પણ મહિલાઓને જ કરવાં પડે છે. ઘૂંટણસમા પાણીમાં અદૂકડા વળીને ડાંગરનાં ધરુ રોપવાનું અને બી સિવાયની ધાનની રોપણીનું કામ મહિલાઓના માથે મરાયું છે. પરંતુ ન તો તેને ખેતીકામનું વળતર મળે છે કે ન તો શ્રેય. ગૃહસ્થી અને ખેતી બંને મહિલા સંભાળે છે ‘શ્રમશક્તિ’ રિપોર્ટમાં ઉલ્લેખાયા મુજબ આ બંનેનો બોજ સહે છે. ૧૮ ટકા ખેતી ધરાવતાં કુટુંબોનું નેતૃત્વ મહિલાઓ પાસે હોવાનું ‘નૅશનલ સેમ્પલ ઑર્ગેનાઇઝેશન’નો સર્વે જણાવે છે, તો ખેતીની આવક પર ૮ ટકા મહિલાઓને જ હક હોવાનું સાવ સામા છેડાનું તારણ ‘ઑક્સફામ ઇન્ડિયા’ના ‘સન ઓફ ધ સૉઇલ’ સર્વેનું છે. ટૂંકમાં, ખેતીને લગતા નિર્ણયોમાં મહિલાનો કોઈ અવાજ નથી, આવકમાં ભાગ નથી અને જમીનની માલિકી નથી. તેના લમણે તો વૈતરું જ લખાયેલું છે. .

નૅશનલ પૉલિસી ફૉર ફાર્મર્સ-૨૦૦૭માં જેન્ડર સંતુલન સાથે ખેડૂતની વ્યાખ્યા વિસ્તૃત કરવામાં આવી છે.પરંતુ પિતૃસત્તાક સમાજવ્યવસ્થા મહિલાને ખેડૂત માનવાનો જ ઇન્કાર કરે છે. ધર્મ,જાતિ, પરંપરા, સંસ્કૃતિ, સામાજિક પૂર્વગ્રહો, એકાધિકાર જેવાં કારણો મહિલાઓને જમીન-માલિકીના અધિકારથી વંચિત રાખે છે. સમગ્ર દેશની ૯.૪ કરોડ હેક્ટર ખેતજમીનમાંથી મહિલાઓ પાસે ૧.૫૮ કરોડ હેક્ટર જમીન જ છે.૩૦.૯૯ લાખ મહિલાઓ ૨ હેક્ટરથી ઓછી અને માત્ર ૬૬ હજાર ૨૦ હેક્ટરથી વધુ ખેતજમીનોની માલિકણ છે. દલિત મહિલા-કિસાનો સરેરાશ ૦.૬૮ હેક્ટર અને આદિવાસી મહિલા-કિસાનો સરેરાશ ૧.૨૩ હેક્ટર જમીનની માલિકી ધરાવે છે.

ભારતમાં કૃષિસંલગ્ન મહિલા શ્રમિકોની સંખ્યા ૭૩.૨ ટકા છે પણ જમીનમાલિકી માંડ બાર-તેર ટકા પાસે જ છે. દર પાંચ વરસે થતી કૃષિ જનગણના મુજબ ૨૦૦૫-૬માં ૧૧ ટકા(૧.૫૧ કરોડ), ૨૦૧૦-૧૧માં ૧૨.૭૯ ટકા(૧.૭૬કરોડ) અને ૨૦૧૫-૧૬માં ૧૩.૮૭ ટકા(૨.૦૨ કરોડ) મહિલાઓ જ જમીનની માલિકી ધરાવે છે. મહિલાઓની જમીનમાલિકીમાં દેખાતો આ વધારો છેતરામણો છે. મહિલા હસ્તકની તમામ જમીનો ખેતીયોગ્ય નથી. જેમકે ૨૦૧૦-૧૧માં ૧૨.૭૯ ટકા માલિકીની જમીન પૈકી ૧૦.૩૯ ટકા જ ખેતીયોગ્ય હતી. જ્યાં જમીનની માલિકી છે, ત્યાં મહિલાઓ પાસે તેનો ભોગવટો કે વાસ્તવિક નિયંત્રણ નથી તેમ પણ જોવા મળે છે.૨૦૨૦નો સર્વે દેશનાં અગિયાર રાજ્યોમાં સ્ત્રીઓની જમીનમાલિકી ઘટ્યાનું જણાવે છે.

મહિલાઓને જમીનનો અધિકાર મળે તેવી કાયદાકીય જોગવાઈઓનો પણ અમલ થતો નથી. હિંદુ ઉત્તરાધિકાર કાયદો, ૧૯૫૬ તથા ૨૦૦૫માં થયેલા સુધારા છતાં, ૨૦૧૮માં આત્મહત્યા કરનારા ૨૯ ટકા ખેડૂતોની વિધવાઓ, પતિની જમીન પોતાના નામે કરાવી શકી નથી. કાયદાનુસાર ૩૦ દિવસમાં સંમતિ હસ્તાંતરણ કરી દેવું પડે છે. પતિના મૃત્યુ પછી સ્ત્રીને સામાજિક બંધનોને કારણે લાંબો સમય ઘરમાં ભરાઈ રહેવું પડે છે, તેથી પણ માલિકીના ફેરબદલામાં અડચણ ઊભી થાય છે. એક મોજણીનું તારણ દર્શાવે છે કે ૮૩ ટકા કૃષિજમીનનો વારસો પુરુષોને મળ્યો છે. જમીનની માલિકી સ્ત્રીઓને આત્મનિર્ભર અને પગભર બનાવે છે.તે પિતા, પતિ, પુત્ર કે અન્ય પર આધારિત રહેતી નથી, તેને સામાજિક-આર્થિક સુરક્ષા મળે છે. એટલે જે કુટુંબ અને સમાજ મહિલાઓને તેમની દયા પર જીવતી જોવા માંગે છે, તે તેમના અધિકાર આડે દીવાલ ખડી કરે છે.

જમીનવિહોણા ખેડૂતો એવા મહિલા કિસાન-શ્રમિકો કે ખેતકામદારોની ઉપેક્ષા અને શોષણ જગજાહેર છે. ખેતી સાથે સંકળાયેલી મહિલાઓમાં આશરે ચાર કરોડ ખેતકામદાર પરિવારની મહિલાઓ છે. ૮૧ ટકા કૃષિ મહિલા શ્રમિકો દલિત-આદિવાસી છે ખેતનાં કામોમાં કુશળ હોવા છતાં આ કામ કરતી પોણા ભાગની મહિલાઓ નામ માત્રનું જ અક્ષરજ્ઞાન ધરાવે છે. ૨૦૦૧માં ૫૪.૨૮ ટકા ખેડૂત મહિલાઓ હતા તે ઘટીને ૨૦૧૧માં ૩૬.૯ ટકા થઈ. જ્યારે ૨૦૦૧માં મહિલા ખેતકામદારો ૪૫.૮થી વધીને ૨૦૧૧માં ૬૩.૧ ટકા થયાં. મહિલા કિસાનો ઘટે અને મહિલા ખેતમજૂરો વધે તેવી પરિસ્થિતિમાં મહિલા ખેતમજૂરોને સમાન કામનું સમાન વેતન મળતું નથી. તેમને પુરુષો કરતાં વધુ મહેનત-મજૂરીના કામની પણ ઓછી રોજી મળે છે. જીવનનિર્વાહ કરવો મુશ્કેલ બને એટલા ઓછા દરે તે કામ કરવા મજબૂર છે. શાયદ એટલે જ તે આત્મહત્યાના અંતિમ માર્ગે પણ જાય છે. રાષ્ટ્રીય અપરાધ-નોંધણી એકમના ૨૦૧૯ના આંકડામાં ૫૭૫ મહિલા ખેતકામદારો અને ૩૪૬૭ દહાડિયા મહિલા-મજૂરોએ આત્મહત્યા કર્યાનું નોંધાયું છે.

ખેડૂતોના સવાલોની ચર્ચામાં સ્વામિનાથન સમિતિના અહેવાલનો બિનચૂક સંદર્ભ આપવામાં આવે છે. પરંતુ કૃષિવૈજ્ઞાનિક

એમ.એસ.સ્વામિનાથને રાજ્યસભાના નિયુક્ત સભ્યના નાતે મહિલા ખેડૂતો માટે રજૂ કરેલ પ્રાઇવેટ મેમ્બરબિલને ભાગ્યેજ કોઈ યાદ કરે છે. મહિલા ખેડૂતોના હક અને સરકારની જવાબદારી નક્કી કરતા 'વિમેન ફાર્મર્સ એન્ટાઈટેલમેન્ટ બિલ, ૨૦૧૧'માં મહિલા કિસાનની ઓળખ અને પરિભાષા સ્પષ્ટ કરવામાં આવી હતી. ગ્રામસભાની મંજૂરીથી મહિલાને તે ખેતી સાથે સંલગ્ન હોવાનું ગ્રામ- પંચાયત પ્રમાણપત્ર આપે તેવી જોગવાઈ ધરાવતું આ બિલ ૨૦૧૨માં રાજકીય ઇચ્છાશક્તિના અભાવે પસાર થઈ શક્યું નહોતું. એટલે હજુ પણ તે મહિલા કિસાનોની માંગ તરીકે ઊભું છે. ગામડાંઓમાં પુરુષ ખેડૂતો ખેતી છોડી શહેરો તરફ મોટા પ્રમાણમાં આવી રહ્યા છે અને ગામડાંની ખેતીની જવાબદારી મહિલાઓના શિરે આવી છે, તે બાબત ધ્યાનમાં રાખીને પણ વાસ્તવમાં ખેતી સંભાળતી મહિલાઓને તેમનો જમીનમાલિકીનો વાજબી હક આપવો ઘટે.

હાલના ખેડૂત-આંદોલનમાં મહિલાઓની સમાન અને સશક્ત ભાગીદારી પછી મહિલા કિસાનોની ઉપેક્ષા અને ભૂમિ-શ્રમિક સંબંધોનો મુદ્દો આત્મમંથન કરનારો બનવો જોઈએ.'રાષ્ટ્રીય મહિલા કિસાનદિન' ની ઉજવણી કે સરકારી 'મહિલા કિસાન સશક્તિકરણ યોજના'થી મહિલા કિસાનોનું દળદર ફિટવાનું નથી. "સો મૈં સત્તર કામ હમારે, લિખો બહી મૈં નામ હમારેં" એ કિસાનની ઓળખ માંગતો મહિલાકિસાન-આંદોલનનો નારો મહિલા-આંદોલકો પૂરતો મર્યાદિત ન બની રહેતાં તે કિસાન-આંદોલનનો પણ એજન્ડા બનવો જોઈએ.

# 'અટક': ઓળખ અને જ્ઞાતિગુમાનના આટાપાટા

દુનિયાના સમૃધ્ધ અને વિકસિત દેશોમાંના એક જાપાનની સરકારે તાજેતરમાં સવાસો વરસ જૂના, લગ્ન પછી દંપતીને એક સમાન અટક અપનાવવાના કાયદામાંથી મુક્તિ આપવાનો નિર્ણય કર્યો છે. એ જ દિવસોમાં ગુણવંતી ગુજરાતના, અમદાવાદ જિલ્લાના સાણંદમાં, ૨૧ વરસના દલિત યુવાનને દરબાર જેવી અટક હોવાના લીધે માર મારવામાં આવ્યો છે. ઈ.સ. ૧૮૯૬માં જાપાને કાયદો કરીને લગ્ન પછી પતિ-પત્નીએ એકસરખી અટક રાખવાનું ઠરાવ્યું હતું. એક અંદાજ મુજબ જાપાનની ૯૬ ટકા સ્ત્રીઓને લગ્ન પછી પતિની અટક અપનાવવી પડે છે. મહિલાજાગૃતિકરણ અને સમાનતાના આ જમાનામાં સ્ત્રીઓને તે ખટકતું હોઈ તેઓ લાંબા સમયથી આ કાયદો બદલવાની માંગ કરે છે. જાપાનના વડાપ્રધાને દેશના લોકમત અને પોતાના પક્ષની ઉપરવટ જઈને સ્ત્રીઓની તરફેણમાં કાયદો બદલીને કોઈને લગ્ન પછી અટક બદલવાની જરૂર નથી, તેવો નિર્ણય લીધો છે. ઘરઆંગણે ગુજરાતમાં કોરોના મહામારીની હાડમારીથી રાહત મેળવવા જૂનાગઢ જિલ્લાના વેરાવળ તાલુકાના ભેટાડી ગામનો દલિત યુવાન ભરત જાદવ સાણંદના કારખાનામાં મજૂરી કરવા આવ્યો હતો. સાણંદ વિસ્તારના દરબારો જેવી જાદવ અટકના કારણે ભરતને દરબારોએ માર મારીને ભગાડી મૂક્યો છે. જાપાનમાં પિતૃસત્તા અને ગુજરાતમાં જ્ઞાતિસત્તાને કારણે આજકાલ અટક વિવાદમાં છે.

### નામ, અટક અને જ્ઞાતિ

ભલે શેક્સપિયરે કહ્યું હોય કે નામમાં શું બળ્યું છે, પરંતુ વર્ણ-વર્ગમાં વહેંચાયેલા વહેરાયેલા ભારતીય, ખાસ તો હિંદુસમાજમાં, નામ અને અટક પણ ઉચ્ચાવચતાનું પ્રતીક છે. હિંદુશાસ્ત્રોનો આદેશ છે કે બ્રાહ્મણનું નામ મંગલકારી, ક્ષત્રિયનું બળયુક્ત,વૈશ્યનું ધનયુક્ત અને ક્ષુદ્રનું જુગુપ્સાપ્રેરક હોવું જોઈએ. ઊંચી જાતિના બ્રાહ્મણના નામમાં બે દેવનાં નામ(દા.ત,રામકૃષ્ણ) અને સામાન્ય બ્રાહ્મણના નામમાં એક દેવ(દા.ત,રામપ્રસાદ) આવે. ઊંચી જાતિના ક્ષત્રિયો પોતાના નામ સાથે 'સિંહ' લગાવે અને નીચી જાતિના 'જી' લગાવે. ઊંચા મનાતા વૈશ્યોનાં નામ પાછળ 'ચન્દ્ર' અને નીચાની પાછળ 'લાલ' લાગે. ઊંચી જાતિના ક્ષુદ્રોના નામ પાછળ 'ભાઈ' લાગે, પણ અવર્ણ કે પંચમવર્ણના લોકોનાં નામો તુંકારે બોલાય તેવા કે માનવાચક શબ્દ વિનાનાં હોવાં જોઈએ અને હોય છે.

### અટકનો ઉદભવ ક્યારે ?

આદિમાનવોની ઓળખ તેમની ટોળી કે શિકારનાં સ્થળો પરથી થતી હતી અને તે કાયમી નહોતી પણ બદલાતી રહેતી હતી. માનવી સમૂહમાં રહેતો થયો, કુટુંબસંસ્થા અસ્તિત્વમાં આવી તે પછી અટકો અસ્તિત્વમાં આવી હશે. સમાજશાસ્ત્રી વિદ્યુત જોષીના મતે, 'નામ' એ વ્યક્તિગત ઓળખ છે, પરંતુ અટક એ જૂથગત ઓળખ છે. આ જૂથ જ્ઞાતિ, ગૌત્ર, કુટુંબ સમૂહ, ગામ કે વ્યવસાયના સ્વરૂપનું હોઈ શકે".

ઇતિહાસવિદ નરોત્તમ પલાણનું માનવું છે કે "વસ્તીવધારો અને વ્યવહારની ઘનતા વધતાં માણસને અટકની જરૂરિયાત ઊભી થયેલી છે. મોટા ભાગે તે ગામ અને વ્યવસાય પરથી આવી છે." પહેલા કર્મ મુજબની વર્ણવ્યવસ્થા પછી જન્મગત બની. વ્યક્તિના કામ સાથે પવિત્ર-અપવિત્રનાં અને ઊંચાં-નીચાં કામોના ખ્યાલો દાખલ થયા.એટલે કર્મ આધારિત વર્ણવ્યવસ્થા જન્મ આધારિત બની અને જ્ઞાતિપ્રથા જન્મી.

### અટક : જ્ઞાતિનો અને જ્ઞાતિ-અહંકારનો પર્યાય

મૂળે પશ્ચિમના દેશોમાં જન્મેલી અને વ્યવસાય, વતન,ગામ, બાપદાદાનાં નામ પરથી બનેલી અટકો ભારતમાં જ્ઞાતિનો પર્યાય બની ગઈ છે. ખરી મુશ્કેલી ભરત જાદવ જેવા કિસ્સામાં થાય છે. એવી ઘણી અટકો છે,જે કથિત ઊંચી જાતિ અને કથિત નીચી એમ બંનેમાં સમાન હોય છે. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી દ્વારા ૧૯૪૨માં પ્રકાશિત 'ગુજરાતી અટકોના ઇતિહાસ' પુસ્તકમાં વિનોદિની નીલકંઠ રાજપૂતોની જે ૨૪ અટકો નોંધે છે, તેમાંથી અડધોઅડધ અટકો જેવી કે ગોહિલ, ચાવડા, ચૌહાણ, જાદવ, જાડેજા, ઝાલા, ડાભી, પરમાર, રાઠોડ, રાણા, વાઘેલા અને સોલંકી વરસોથી દલિતોની પણ અટકો છે. જ્ઞાતિગુમાનમાં રાચતા લોકો દલિતોને તેમની આ અટકને કારણે રંજાડે છે, તો કેટલાક દલિતો પણ પોતાની જ્ઞાતિ છુપાવવા આ અટકનો સહારો લે છે.

'જાતિ, વર્ણ, જ્ઞાતિ અને અટક(એક ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય)'ના સંપાદક મહેન્દ્ર વાળા જુદા-જુદા જ્ઞાતિસમૂહોની એકસમાન અટક સંદર્ભે લખે છે કે,' એક જ અટકવાળાં સમૂહો, જૂથો કે જાતિઓ ભાયાતો હોવા જોઈએ. ' પણ આ વાત જ કથિત ઊંચી જાતિઓને ખટકે છે. તેઓ જ્ઞાતિએ તો ઉચ્ચ થઈ બેઠા છે પણ તેમના જેવી અટક દલિતોની કેમ છે તે વાતે વાંકું પાડે છે. માર્ટિન મેકવાનનો ગ્રામીણ ગુજરાતમાં પ્રવર્તતી આભડછેટનો અહેવાલ જણાવે છે કે ગુજરાતનાં ૬૪.૭ ટકા ગામોમાં દલિતોએ દરબાર પુરુષોને 'બાપુ' અને સ્ત્રીઓને 'બા' કહીને બોલાવવા પડે છે. મોટી ઉંમરના દલિત સ્ત્રી-પુરુષોને પણ નાની ઉંમરનાં દરબાર બાળકોને બા-બાપુના માનાર્થે સંબોધનથી જ બોલાવવાં પડે છે. હદ તો ત્યારે થાય છે કે ગુજરાત વિધાનસભામાં ક્ષત્રિય મંત્રીઓને અધ્યક્ષ સુધ્ધાં 'બાપુ'નું સંબોધન કરે છે અને શાયદ વિધાનસભાના અધિકૃત રેકર્ડમાં પણ તે નોંધાતું હશે.

### દલિતો કેમ બદલે છે અટકો ?

ભારતીય નાગરિકને કેટલાક પ્રતિબંધો સાથે ધર્મપરિવર્તનનો અધિકાર મળેલો છે, પરંતુ જ્ઞાતિ બદલી શકાતી નથી. કહેવાતા અસ્પૃશ્યો કે નીચલા વર્ણો અટકો બદલી શકે છે. નામ પણ બદલી શકે છે. તબીબી કૉલેજોમાં દલિત વિદ્યાર્થીઓને જ્ઞાતિને કારણે ભેદભાવનો ભોગ બનવું પડે છે. તેથી મેડિકલ કૉલેજોના દલિત વિદ્યાર્થીઓ અને ડૉક્ટર્સ, કૉન્ટ્રાક્ટર્સ, પ્રાઈવેટ સેક્ટરમાં કામ કરવા માંગતા અને અન્ય વ્યાવસાયિકો પોતાની અટકો બદલે છે. પંદરેક વરસપૂર્વે ડૉ.હસમુખ પરમારે દલિતોના અટક બદલવાના વલણનો સમાજશાસ્ત્રીય અભ્યાસ કર્યો હતો જે પછીથી 'ન ઓળખાવાની નવીન તરાહ-અટક બદલો' પુસ્તક રૂપે પણ પ્રગટ થયો છે. આ અભ્યાસના સર્વેક્ષણનું તારણ હતું કે ૩૦થી ૪૦ વરસના ૪૬.૬૭ ટકા દલિતોએ પોતાની અટકો બદલી હતી.અટક બદલવાનાં કારણો અસ્પૃશ્યતા, અપમાન, અન્યાય, બાળકોના ઉચ્ચ અભ્યાસ, વ્યવસાય , ધર્મપરિવર્તન અને લઘુતાગ્રંથિ હતાં. જે આજે પણ અકબંધ છે. જોકે ઉચ્ચ જ્ઞાતિની અટકો ધારણ કરવા છતાં ૮૩.૩૩ ટકા લોકોને તેમના સામાજિક દરજ્જામાં બદલાવ આવ્યાનું લાગ્યું નથી.સર્વેક્ષણ હેઠળના જે ૪૦ ટકા લોકોએ અટક બદલવાથી લાભ થયાનું જણાવ્યું હતું, તેમણે અટક બદલ્યા પછી જ્ઞાતિની ઓળખ ન થયાનો, સારી વર્તણૂકનો, અન્ય પ્રાંતના ગણી લીધાનો, ખાનગી ક્ષેત્રમાં નોકરી મળ્યાનો લાભ થયાનું જણાવ્યું હતું.


મેડિકલ કૉલેજમાં અભ્યાસ દરમિયાન નામ-અટક બદલનાર જાણીતા આંબેડકરી લેખક - કર્મશીલ ડૉ. પારિતોષ શાહે એક વાર કહ્યું હતું કે "આટલાં વરસે હવે ક્યારેક લાગે છે કે મારે મૂળ અટક સાચવી રાખીને સામાજિક સ્વીકૃતિ માટે સંઘર્ષ કરવો જોઈતો હતો. "અમદાવાદની સિવિલ હૉસ્પિટલના મનોરોગ વિભાગના નિવૃત વડા અને બી.જે. મેડિકલ કૉલેજના પ્રોફેસર ડૉ.ગણપત વણકરે તેમની જ્ઞાતિ અને વ્યવસાયસૂચક મૂળ 'વણકર' અટક જાળવી રાખી છે..જાણીતાં ગાયિકા દિવાળીબહેન ભીલને પણ પોતાની ભીલ અટકની કોઈ નાનમ નહોતી. જોકે આવડત કે ક્ષમતા પર અટકને હાવી ન થવા દેતાં આવાં ઉદાહરણો બહુ ઓછાં જોવા મળે છે. જાણીતા સમાજશાસ્ત્રી અને ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના નિવૃત વડા ડૉ.મનુભાઈ મકવાણાએ પોતાની અટક તો જાળવી રાખી છે,પરંતુ તેમનાં સંતાનોની અટક બદલાવીને તેમના ગામની સ્મૃતિમાં 'શેરડીવાળા' રાખી છે. રૂંવે-રૂંવે પ્રતિબધ્ધ નીરવ પટેલની ઓળખ કાયમ દલિત કવિની જ રહી છે, પરંતુ તેમણે નામ અને અટક બદલ્યાં હતાં !

### અટકનાબૂદી જ્ઞાતિનાબૂદીની દિશાનું પ્રથમ પગલું

ગુજરાત વિદ્યાપીઠના સાર્થ ગુજરાતી જોડણીકોશમાં 'અટક'નો પર્યાય 'અડક' જણાવી તેનો અર્થ 'ગોત્ર, ધંધો, કે વતન ઇત્યાદિ બતાવતું નામ જોડે મૂકવામાં આવતું ઉપનામ' એવો દર્શાવ્યો છે.(પૃષ્ઠ-૧૩) લોકબોલીમાં 'શાખ', 'નુખ' અંગ્રેજીમાં 'સરનેમ' અને સંસ્કૃતમાં 'અવટંક' જેવા શબ્દોથી ઓળખાતી અટકનો એક અર્થ સાર્થ જોડણીકોશમાં 'નડતર' કે 'અવરોધ' પણ આપ્યો છે, જે દલિતો માટે યથાર્થ છે. વરિષ્ઠ કર્મશીલ પત્રકાર ઇન્દુકુમાર જાની અટકોને 'જાતિપ્રથાના પર્યાયરૂપ અને સમાનતાની વિરોધી' ગણે છે. સાધુ સચ્ચિદાનંદે દલિતોને 'જ્ઞાતિદર્શક ન હોય તેવી અટકો ધારણ કરવા અને અનાદર પેદા કરનારી અટકો ફગાવી દેવા' અપીલ કરી હતી. કહેવાતી ઉચ્ચ જ્ઞાતિઓ માટે ગૌરવ, ગુમાન ,શૌર્ય, અહમ્ કે ઉચ્ચતા દર્શાવતી અને દલિતો માટે અપમાન, અનાદર, ધૃણા અને નફરત જન્માવતી જ્ઞાતિસૂચક અટકો નાબૂદ થાય તે જ્ઞાતિનાબૂદીની દિશામાં પ્રથમ પગલું બની શકે.

maheriyachandu@gmail.com


## ડાયસ્પોરિક ગુજરાતી આલમને પામવા સારુ એક મજબૂત ધોરી માર્ગ એટલે...




એપ્રિલ 2021
પાકું પૂઠું
કદ : 5.5"x8.5"
પૃ. 352
Rs.500 • £15

**એક ગુજરાતી દેશ અનેક**

'ડાહ્યાભાઈને તો જ્ઞાનનું કોઈ પણ ક્ષેત્ર ચરવા-વિચરવાપાત્ર લાગે છે. જે ગમ્યું હોય અથવા જે માહિતી આપનારું હોય તેનું કતરણ ડાહ્યાભાઈ પાસેથી મળી આવે. કતરણ હાથમાં આવે ત્યાં સુધીનો સમય પણ ડાહ્યાભાઈ એળે ન જવા દે. એમની ટીકાટિપ્પણી ઘટનાના ચાલુ વિવરણની જેમ ચાલ્યા કરે. એમના લોહીમાં પડેલું મિસ્ત્રીપણું ઝીણું ઝીણું નકશીકામ કરતું જાય, ડાહ્યાભાઈ ઉત્સાહથી વાત કરતા જાય અને ખડખડાટ હાસ્યથી ઓરડાનું પેટ ભરતા જાય. સાહિત્ય, ઇતિહાસ, રાજકારણ બધાંમાં એમની ચાંચ ડૂબે. કોઈક વાર તો તમે કલ્પ્યો ન હોય એવો મુદ્દો ખોળી લાવે અને ચર્ચામાં રંગત જમાવતા જાય.'

પ્રાધ્યાપક જયન્ત મ. પંડ્યાએ દીધા 'જ્ઞાનિપપાસુ ડાહ્યાભાઈ મિસ્ત્રી' નામક ચરિત્રચિત્રણમાં આવી નોંધ છે. 'સ્મરણો દરિયાપારનાં' નામક લેખકના પુસ્તકમાં આ નોંધ સંગ્રહિત છે.

આવા આ ડાહ્યાભાઈ નાનુભાઈ મિસ્ત્રી જોડે ચાર દાયકાઓ ઉપરાંતનો દીર્ઘ પણ નિજી સંબંધ રહ્યો છે. મારી જિંદગીના ઉપવનમાં એ ખુદ એક એવું વૃક્ષ કે જેના છાંયડે બેસીને હાશકારો મળ્યો હોય, થાક ઊતાર્યો હોય, ગોઠડી માંડી હોય અને વળતાં તરબતર થઈ તાજાતર થઈ જવાય.

'ઓપિનિયન'માં આરંભથી ડાહ્યાભાઈનું લખાણ પ્રગટ થતું રહ્યું. એમનું વાંચન અગાધ. તેનો વ્યાપ વિશાળ. મૂળે શિક્ષકનો જીવ તેથી તંતોતંત વિચારે, જીવે અને લેખનમાં ઊતારે પણ.

આવા આ મસ્ત મિત્રના લેખોનું સંપાદનકામ કેતન રુપેરાએ સુપેરે પાર પાડ્યું છે. એક નિવડેલા પત્રકાર અને પ્રકાશનમાં નવા ચાસ પાડનાર કેતનભાઈ વાટે આપણને જ્ઞાનમાળીના ઉપવન સમું આ પુસ્તક સાંપડે છે. તેનું સ્વાગત કરીએ, તેને વસાવીએ અને તેને માણીએ.

- વિપુલ કલ્યાણી
દેશાવર તંત્રી

**વધુ વિગત માટે :** લેખકને તેમના પુસ્તક અંગે સંપાદકનો પત્ર, નિ.૧૬-૪-'૨૧ • ઓપિનિયન : https://opinionmagazine.co.uk/details/7061/ek-gujarati--desh-anek

પ્રાપ્તિસ્થાન **ગ્રંથવિહાર** ગુજરાતી સાહિત્ય પરિષદ, 'ટાઇમ્સ'ની પાછળ, આશ્રમમાર્ગ, અમદાવાદ-૦૯ • ફોન : ૦૭૯-૨૬૫૮૭૯૪૯
ઘરે બેઠાં પુસ્તક મેળવવા માટે વ્હોટ્સએપ નં. ૯૮૯૮૭ ૬૨૨૬૩ • કુરિયર ચાર્જ અલગથી

*જેપી આંદોલન હજુ ગોરંભાતું હશે અને ગાંધી શાંતિ પ્રતિષ્ઠાન કેન્દ્ર (હીમાવન)માં રાજુ (રાજેન્દ્ર દવે) મારફતે ભરતભાઈનો પરિચય થયો. બંને પિતરાઈ ભાઈ. રાજુના પિતા ભાનુભાઈ દાંડીયાત્રી અને ભરતના પિતા બાલુભાઈ (બાલકૃષ્ણ વૈદ્ય) પણ ગાંધીનિભાડાના સ્વરાજસૈનિક. ઢેબરભાઈ ને વિમલાતાઈ જેમની સાથે વિમર્શ કરવા ઈચ્છે એવી શખ્સિયત એ હતી. નેશનલ સ્કૂલ ઑફ ડ્રામા - એનએસડી વર્ષોએ ભરતભાઈને વૈશ્વિક વિચારપ્રવાહોના સંપર્કમાં મૂકી આપ્યા. અનેરા રંગકર્મી ઉપરાંત મનનશીલ અક્ષરકર્મી તરીકેનો એમનો એક નવ્ય પરિચય તાજેતરમાં વરસોમાં ગુજરાતને થયો. ૧૯૭૮-૭૯માં હું 'નૂતન ગુજરાત' જોતો ત્યારે મેં એમને નાટક વિશે લખવા નિમંત્ર્યા એનું ભરતભાઈને ક્યાંય સુધી આશ્ચર્ય હતું. પણ પછી તો સૌએ એમનું પ્રફુલ્લન જોયુંનોંધ્યું. પાછલાં વરસોમાં અમારે વાતચીત ઓછી થતી, પણ સરસ થતી, ખાસ કરીને વૈચારિક સંદર્ભોમાં. 'નિરીક્ષક'માં એમણે થોડાં વરસ પર ગો.પુ. દેશપાંડે વિશે લખ્યું ત્યારે કોઈકે જાહેરમાં અચરજ વ્યક્ત કરેલું કે ઈપીડબ્લ્યુથી યે વહેલાં (કે જોડાજોડ) ગુજરાતીમાં આવી નોંધ ! ભરતભાઈ હોસ્પિટલમાં દાખલ થયા એના અઠવાડિયા પર અમારે વાત થયેલી. એમના પુસ્તકના પ્રકાશનપૂર્વે પ્રત જોવા મોકલેલી, તે સંદર્ભે. 'અંધા યુગ' વ્યાખ્યાનથી એ પ્રસન્ન હતા. અણચિંતવ્યું પણ એમનું એ હંસગાન જ બની રહ્યું.*

***તંત્રી***

## ભરત દવે / રાજેન્દ્ર દવે

સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ સ્વીકારતાં ભરતભાઈએ તેમના પ્રવચનમાં ઝોર્બા નાટકના મુખ્ય અભિનેતા એન્થની ક્વીન પોતાના પુત્રના મૃત્યુની વાત બોલી નથી શકતા તે વાત કહેલી. કાંઈક એવી જ લાગણી આજે હું અનુભવી રહ્યો છું. હજુ તો એપ્રિલના અંત સુધી તો મને રોજના ચાર-પાંચ સંદેશા મોકલતા હતા. એપ્રિલના મધ્યમાં તો વીડિયો કૉલ પર લાંબી વાત થયેલી. ત્યારે ખબર નહોતી કે આ છેલ્લી વારની વાત હશે.

ભરતભાઈ મારા પિતરાઈ ભાઈ. મારાથી છ વર્ષે મોટાં. સંગીત, ચિત્રકામ ને નાટકમાં પહેલેથી રસ. તેમની પીંછીનું કામ મેં જોયું છે. કુદરતનાં દશ્યોને દોરવામાં રસ. ફુલબ્રાઈટ સ્કૉલર તરીકે સિરેક્યૂસ આવ્યા ત્યારે અપસ્ટેટ ન્યૂયૉર્કની પાનખર જોઈને કહેતા કે આ રંગોને દોરવાનું બહુ મન થાય છે. એન.એસ.ડી.માં હતા, ત્યારે અલકાઝી તેમનાં ચિત્રોથી પ્રસન્ન થયેલા અને તેમને રંગો અને પીંછીઓ ભેટ આપેલી. સંગીતનાં બંને ક્ષેત્રોમાં રસ. સિતાર વગાડે અને ગાય પણ ખરા. દિલ્હી હતા ત્યારે ગાંધર્વ મહાવિદ્યાલયમાં જતા ને તેમના કાર્યક્રમોમાં ભાગ લેતા. હું લગભગ છેલ્લાં ચાલીસેક વર્ષથી બહાર છું, એટલે તેમણે દિગ્દર્શિત કરેલાં બહુ નાટકો નથી જોયાં. એક વાર દિલ્હીમાં પુરાના કિલ્લામાં અલકાઝી દિગ્દર્શિત અને તે કલાકાર હતા તે નાટક 'તુઘલક' જોવા લઈ ગયેલા. આજના વ્યવસાયી કલાજગતની ભાષામાં કહું તો તે 'કમ્પલિટ પૅકેજ' હતા.

ઈચ્છયું હોત તો ભરતભાઈ અન્ય ઘણા કલાકારોની જેમ એન.એસ.ડી.માંથી સીધા મુંબઈ જઈ શક્યા હોત, પણ તેમણે એવું નહિ કરતાં અમદાવાદને અને ગુજરાતને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું. આ અંકમાં સુભાષ બ્રહ્મભટ્ટે તેમના નાટ્યક્ષેત્રના પ્રદાન વેશે વિગતે લખ્યું છે, એટલે તેની વાત બાજુએ રાખી ભરતભાઈના અન્ય એક પ્રદાનની વાત કરીશ, જેના પર બહુ ઓછું ધ્યાન અપાયું છે - ભરતભાઈનાં લખાણોમાં, નાટકોમાં અને ભાષણોમાં જે સામાજિક ને રાજકીય નિસબત હતી, તેની.

ગાંધીવિચારના વાતાવરણમાં અમારું કુટુંબ ઊછર્યું. અમારા વડીલો સ્વાતંત્ર્યસૈનિકો. કુટુંબનાં બધાં ખાદી પહેરીએ. નાટ્યક્ષેત્રમાં મેં ભરતભાઈ સિવાય અન્ય કોઈ કમિટેડ ખાદીધારી નથી જોયા. ભરતભાઈએ નાટકો વાંચવાનાં શરૂ કર્યાં તે પહેલાં ગાંધી, વિનોબા, મશરૂવાળા ને દાદા ધર્માધિકારી વાંચેલા. આ સૌનો તેમના પર ભારે પ્રભાવ. આ બધાથી તેમનું પોત બંધાયેલું. દર્શક સાથે કેવળ કૌટુંબિક સંબંધ હતો, માટે જ નહિ, પરંતુ મૂલ્યો માટે જે પ્રતિબદ્ધતા હતી તેને કારણે તેમણે સૉક્રેટિસનું નાટ્યરૂપાંતર કર્યું ને તેમના લખેલાં અન્ય નાટકો પણ ભજવ્યાં. તેમણે ભજવેલાં અન્ય કેટલાંય નાટકોમાં મૂલ્યપ્રતિબદ્ધતા દેખાય છે. સવ્યસાચી ઍવૉર્ડ સ્વીકારતી વખતે આપેલા વક્તવ્યમાં તેમણે કહેલું કે નાટક કેવળ સમાજનું પ્રતિબિંબ નથી, તે સમાજપરિવર્તનનું સાધન પણ છે.

હજુ હમણે જ વિશ્વરંગભૂમિ દિવસ નિમિત્તે વિશ્વકોશનાં એમણે 'અંધાયુગ, ગાંધીયુગ ને આજ' વિષય પર જે વ્યાખ્યાન આપ્યું તે એમના ગયા પછી મારા સાથેની વાતચીતમાં પ્રકાશભાઈએ કહ્યું તેમ કદાચ એમનું હંસગાન હતું. ધર્મવીર ભારતીની નાટ્યકૃતિ 'અંધાયુગ'ને કેન્દ્રમાં રાખીને તેમણે ભારતીની જ શૈલીમાં આજની ભારતની સ્થિતિને સરસ રીતે સાંકળેલી. અંધાયુગમાં મહાભારતની ને સ્વતંત્રતા પછીના તરતના ભારતની સરખામણી છે ને તેમણે કહ્યું કે આજનું ભારત પણ આ અંધાપો નથી અનુભવી રહ્યું? ધર્મ-અધર્મને પૃષ્ઠભૂ બનાવીને તેમણે સમજાવેલું કે આજે ધર્મના નામે કેટલો અધર્મ આચરાઈ રહ્યો છે!

છેલ્લાં થોડાં વર્ષોમાં ભારતમાં જે કાંઈ બન્યું તેનાથી તે ભારે વ્યથિત હતા. સોશિયલ મીડિયા પર તેમણે 'વ્યૂ-વિથિન'' શ્રેણી શરૂ કરેલી. તેમણે વાતની માંડણી કરતાં કહેલું કે તે અભિક્રમ આજની પરિસ્થિતિની માહિતી આપવાનો પણ સૌ કોઈને પોતાની ભીતરમાં નજર નાંખી વર્તમાન પ્રશ્નો પર વિચારતા કરવાનો છે. આ કાર્યક્રમમાં તે તેમની આસપાસ બનતી સામાજિક ને રાજકીય ઘટનાઓની ચર્ચા કરતા. એ આમ અણધાર્યા ના ગયા હોત, તો આ ચર્ચા લાંબી ચાલી હોત.

મેં 'નિરીક્ષક'માં એક અંતરાલ પછી લખવા માંડ્યું તે પછી અવારનવાર સંદેશા ને ફોનવ્યવહાર ચાલતો. સૂચનો કરતા ને ક્યારેક વધુ માહિતી મેળવવા લખતા. મેં ટૉલ્સ્ટૉયના જીવનનાં અંતિમ વર્ષો પર આધારિત ને સ્ટોફર પ્લમર અને હેલન મિરેલ અભિનીત ફિલ્મ 'ધ લાસ્ટ સ્ટેશન'નો રિવ્યૂ લખ્યો ત્યારે સૂચવ્યું કે તેં દર્શકના નાટક 'ગૃહારણ્ય'ને સાંકળીને લખ્યું હોત તો સારું થાત. અમેરિકાના રાજકારણ પરનાં લખાણોમાં તેમને બહુ રસ પડતો. ટ્રમ્પે અમેરિકાનાં રાજકીય માળખાંઓ અને પ્રક્રિયાઓને કંઈ રીતે અને કેટલી હદે ભ્રષ્ટ બનાવ્યાં તે પર ફોન કરીને કહેલું કે કઈ રીતે ભારતમાં પણ સંસ્થાઓ અને પ્રક્રિયાઓ બગડી છે.

છેલ્લાં વર્ષોમાં ભરતભાઈ સ્વાસ્થ્યને કારણે ઘરે જ રહેતા. ભરતભાઈને સાથ રહે એટલે અમારાં ભાભી અમીબહેને પણ વહેલી નિવૃત્તિ લીધેલી. ભરતભાઈનાં અનેકવિધ કામોમાં તેમનો સિંહફાળો. પુત્રી દેવકી તેમને ગળે. પેન્ડેમિકને કારણે તેને મળી ના શકાય તેનો વસવસો કરે. હૉસ્પિટલમાં છેલ્લા દિવસોમાં દેવકી ઠેઠ સુધી હિંમતભેર સાથે ને સાથે રહી. ભરતભાઈને સાદર શ્રદ્ધાંજલિ.

ફ્લોરિડા, યુએસ

# કર્મઠ રંગકર્મી ભરત દવે / સુભાષ બ્રહ્મભટ્ટ

ગુજરાતી રંગભૂમિનાં દોઢસો વર્ષની સંધ્યાએ રંગભૂમિનો એક પ્રજ્વલિત પ્રકાશ કોરોનાની મહામારીમાં બુઝાઈ ગયો. તા. ૧૫મી મે, ૨૦૨૦ની સવારે દસ વાગ્યાની આસપાસ સમાચાર વહેતા થયા કે કોરોના સામેની લડાઈમાં વૅન્ટિલેટર, ઑક્સિજન રેમડેસિવિર ઇંજેક્શન તથા અનેક દવાઓના શસ્ત્રસંરજામ સાથે ડૉક્ટરોની નિગરાનીમાં ભરતભાઈ હારી ગયા.

અનેક નાટ્યકર્મીઓ અને ભરતભાઈનાં સ્વજનોની પ્રાર્થનાઓ પણ કારગત ન નીવડી. વૉટ્સઅપ મૅસેજિસની વણઝાર વચ્ચે ૫૦ વર્ષની ભરતભાઈની કારકિર્દી વીજળીવેગે અગ્નિસંસ્કાર સમયે પ્રજ્વલિત થઈ ઊઠી.

આજે સવાલ એ ઊઠે છે આ ભરત દવે એટલે કોણ? નાટ્યનિર્માતા ? નાટ્યદિગ્દર્શક? નાટ્યવિવેચક? નાટ્યલેખક? રૂપાંતરકાર ? અભિનેતા કે નાટ્યયાત્રાના રંગકર્મી ? સિતારવાદક ભરત દવે કહું કે ચિત્રકાર કહું ? કે પછી નાટ્યલેખકોના આંતરમનના પ્રવાસી ભરત દવે? અથવા ઇસરોના-ડેકુના ટી.વી. પ્રોડક્શનના પ્રખર પ્રોડ્યુસર ભરત દવે ? બહુઆયામી છે આ ભરત દવે. દરેક વિશેષણ સાથે ભરત દવે સાંગોપાંગ સમર્પિત રહ્યા હતા. માટે જ, એમને કર્મઠ રંગકર્મી તરીકે જ ઓળખીએ. ઉપર્યુક્ત કોઈ પણ એક વિશેષણથી તો ભરત દવેની ઓળખ અધૂરી જ રહેવાની.

ભરતભાઈને ઓળખવા એક આખો ગ્રંથ તૈયાર કરવો પડે. એમનાં નાટકોની ભજવણી વિશે તો પીએચ.ડી.નો થીસિસ તૈયાર થઈ શકે. છેલ્લાં દસ વર્ષમાં એમણે લખેલાં પુસ્તકો પર અલાયદો અભ્યાસ કરવો પડે. જોકે એમના કેટલાક ગ્રંથો તો પ્રકાશિત થવાની રાહ જુએ છે.

આજે અહીં માત્ર ભરત દવે નિર્મિત કેટલાંક નાટકોની જ વાત કરીશું. ભરતભાઈએ દિલ્હીની નૅશનલ સ્કૂલ ઑફ ડ્રામામાં એક ઉત્તમ નાટ્યકર્મી અલકાઝીસાહેબ પાસે નાટ્યવિદ્યાની તાલીમ લીધી. અહીં તેઓ ખૂબ પલોટાયા. વિશ્વ રંગભૂમિ અને વિશ્વસ્તરના રંગકર્મીઓ વિશે ખૂબ અભ્યાસ કર્યો. મહાન નાટ્યલેખકોની નાટ્યકૃતિઓનો વિશદ અભ્યાસ કર્યો. રંગભૂમિની અવનવી પ્રયોગાત્મક નાટ્યશૈલીમાં અભૂતપૂર્વ નાટકો ભજવ્યાં. ઍક્ટર તરીકે નાના-મોટા રોલ પણ કર્યાં. સેટ ડિઝાઇન કર્યાં, ચિત્રો દોર્યાં, સંગીત શીખ્યા અને નાટકોનું સહદિગ્દર્શન પણ કર્યું. દિલ્હીની નૅશનલ સ્કૂલ ઑફ ડ્રામામાં રંગભૂમિનાં અનેક પાસાંનો ઊંડો અભ્યાસ કરી મુંબઈ જવાને બદલે અમદાવાદમાં આવ્યા. અહીં દર્પણ એકૅડેમીમાં મૃણાલિની સારાભાઈ સાથે જોડાયા. દર્પણમાં નાટ્યકર્મી કૈલાસ પંડ્યા અને દામિનીબહેન મહેતાનો સહયોગ પ્રાપ્ત થયો.

અમદાવાદને આંગણે ડૉ. વિક્રમ સારાભાઈ ફૅસ્ટિવલમાં ભરતભાઈએ ફ્રૅન્ચ નાટ્યકાર મોલિયેરનું 'ધ સ્કૅપીન' પર આધારિત કૉમેડિયા-દલા-આર્ટશૈલીમાં 'વાહ વાહ રે મેં' જીવંત સંગીતમઢ્યું નાટક ટાગોર હૉલમાં ભજવ્યું. પ્રયોગાત્મક નાટ્યશૈલી અને રંગસભર કૉશ્ચ્યુમ અને માસ્ક સાથે કલાકારોના મોટા કાફલા સમેત હાસ્યરસથી સભર આ નાટક દિવસો સુધી પ્રેક્ષકોના મનોજગતમાં રમતું રહ્યું. તત્કાલીન નાટ્યવિવેચક શશિકાંત નાણાવટીએ 'ગુજરાત સમાચાર'માં દાયકાના શ્રેષ્ઠ નાટક તરીકે 'રંગમ્' કૉલમમાં નવાજ્યું હતું. કલાકારો પાસે એક નવી જ શૈલીમાં જે અભિનય કરાવ્યો તે અને મંચસજ્જા અભૂતપૂર્વ હતાં. નાટકનું જીવંત પાશ્ચાત્ય સંગીત બહુ મોટું જમાપાસું હતું. દિગ્દર્શનની આગવી સૂઝ અને કૃતિની પસંદગીમાં ભરતભાઈનો જોટો જડે. આ નાટકની રજૂઆત થકી અમદાવાદમાં પહેલા નાટકથી જ એમની એક આગવી ઓળખ ઊભી થઈ.

આ દરમિયાન રઘુવીર ચૌધરીએ એક સર્જનશીલ નાટ્યપ્રેમી અધ્યાપક તરીકે ભરતભાઈને શ્રી એચ.કે. આર્ટ્સ કૉલેજમાં નિમંત્રણ આપી, શરદબાબુની 'દત્તા' નવલ પર આધારિત 'વિજયા' નામે નાટક તૈયાર કરાવ્યું. કૉલેજના નવોદિત કલાકારો પાસે એક અઘરી નાટ્યકૃતિ તૈયાર કરવી એ બહુ મોટી ચૅલેન્જ હતી પણ ભરતભાઈની ધીરજને દાદ આપવી ઘટે. આ નાટક ભાવનગર સહિત ગુજરાતમાં અનેક સ્થળોએ ભજવાયું.

એ દિવસોમાં, ૮૦ના દાયકામાં ભરતભાઈએ ગ્રીક નાટક 'મીડિયા' આધારિત ચં.ચી. મહેતા લિખિત 'મદિરા' નાટક ભજવ્યું. આ નાટકના વાચન દરમિયાન અનેક ગ્રીક ટ્રૅજેડીના કલાકારોનો અભ્યાસ કરાવ્યો. પ્રો. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ અને પ્રો.નલિન રાવળને ગ્રીક સંસ્કૃતિ ઉપર બોલવા નિમંત્રણ આપી ગ્રીસની રંગભૂમિ વિશે કલાકારોને અવગત કરાવ્યાં. સાથે-સાથે એમણે ગ્રીક નાટ્યશૈલીનો સાંગોપાંગ અભ્યાસ પણ કરાવ્યો. ગ્રીક રંગભૂમિ વિશે નવું નવું વંચાવે અને ગ્રીક નાટકો આધારિત ફિલ્મ પણ બતાવે. કેટલાંક પુસ્તકોમાંથી ગ્રીક નાટકોના ફોટોગ્રાફ્સ પણ બતાવે. એમ કહો કે, ગ્રીક નાટકો પર દરેક સાંજે વર્કશૉપ યોજાય. પૂરા હોમવર્ક અને સમયની પાબંધી સાથે રિહર્સલમાં ઉપસ્થિત રહે. ચં.ચી. મહેતાએ જે અપદ્યા-ગદ્યશૈલીમાં નાટક લખ્યું હતું, એ જ શૈલીમાં ભજવવું ખુબ અઘરું હતું. દિવસો સુધી માત્ર વાચિક અભિનય પર કામ થતું. અધકચરા કલાકારોને ખૂબ ધીરજ સાથે સલુકાઈથી અભિનય શીખવે અને પ્રેક્ષકોની દાદ મેળવવા સુધી તૈયાર કરે. આ 'મદિરા' નાટક પહેલીવાર ટાગોર હૉલમાં ભજવાયું, ત્યારે પ્રેક્ષકો દંગ રહી ગયા હતા. સુખાન્ત નાટકો જોવા ટેવાયેલો અમદાવાદનો પ્રેક્ષકવર્ગ આ દુઃખાન્ત નાટક જોઈને હતપ્રભ રહી ગયો.

ગ્રીક નાટ્યશૈલીનો પરિવેશ, એ જ શૈલીનું સંગીત અપદ્ય-ગદ્યશૈલીમાં બોલાતા સંવાદો વચ્ચે અભિનયની તીવ્રતા સાથે ભજવાયેલું 'મદિરા' નાટક મુક્તકંઠે પ્રશંસા પામ્યું. જાણીતા કલાકાર રાજુ બારોટ અને અદિતિ દવેનો અભિનય ખૂબ વખણાયો. એમાં ભરતભાઈની રાત-દિવસની મહેનત ઝળકી ઊઠી.

ભરતભાઈ જ્યારે નાટકને પસંદ કરે, ત્યારે સમાજ સાથેનો અનુબંધ જોડે. સમાજમાં બનતી વિધવિધ ઘટનાઓને લક્ષમાં લે અને માનવીય સંવેદનાઓનો સળવળાટ ચકાસે એ પછી જ નાટકને હાથમાં લે.

સામાજિક અવસ્થાની અનુકૃતિ રૂપે નાટક ભજવે છતાંય એમનાં નાટકો શેરીનાટકો ન હતાં. એમને નાટકની ઝાકમઝોળ તો ગમે જ ગમે. સંગીત, સંનિવેશ, આહાર્ય, રૂપસજ્જા અને અભિનયની કાબેલિયત, આ બધું જ અનિવાર્ય ગણાવે. એથી જ એમનાં નાટકો એક પરફેક્ટ પ્રોડક્શન તરીકે પંકાતાં.

ભરત દવેએ એક જ ઢાંચામાં નાટકો નથી કર્યાં. અનેક પ્રયોગો હાથ ધર્યા. નાટકો ભજવવાની એમની રેન્જ ઘણી મોટી હતી. નાટકો ભજવવાનાં એમનાં સ્થળોમાં પણ ઘણું મોટું વૈવિધ્ય હતું. 'લવ ધાય નેબર' જેવું નાટક ઉન્નતિ વિદ્યાલયની અગાશીમાં ભજવ્યું. તો 'લડાઈ' જેવું નાટક ક્યાંક શૉપિંગ મૉલમાં પ્રેક્ષકોને ચોતરફ બેસાડીને ભજવ્યું. તો વળી ક્યારેક ગુજરાતી સાહિત્ય પરિષદના ઘેઘૂર લીમડા નીચે પણ 'બરી ધ ડેડ' જેવું યુદ્ધવિરોધી નાટક પણ ભજવે. આ નાટકની અસરકારકતા દર્શાવવા આર્મી પાસેથી જીપ ભાડે લઈ આવ્યા. આ નાટકમાં કલાકારો પાસે કબરો ખોદાવી. હૂબહૂ દશ્યો ઊભાં કરવાની એમની આવડત બેનમૂન હતી. તો, સાહિત્ય પરિષદના પટાંગણમાં પનાલાલ પટેલના માંડલી ગામનો આબેહૂબ સેટ ઊભો કરી 'માનવીની

ભવાઈ' જેવી દીર્ઘ નવલકથા પર આધારિત નાટક બાર દિવસ સુધી ભજવ્યું. ઉમાશંકર જોશી, પનાલાલ પટેલ તેમજ રઘુવીર ચૌધરી જેવા સાહિત્યકારો પલાંઠી વાળીને બેસીને નાટક જુએ. નિરંજન ભગત તો સુરેશ રાજડા અને 'ગુજરાત સમાચાર'ના માલિક શ્રેયાંશ શાહને પણ લઈ આવ્યા. ભગતસાહેબ બાળસહજ ઉત્સુકતા સાથે આ નાટક જોઈને ભારે અચરજ પામ્યા હતા. તો વળી 'હઠીસિંગ વિઝ્યુઅલ આર્ટ સેન્ટર'ની ઢોળાવવાળી લૉનમાં સર્વેશ્વર દયાલનું ભ્રષ્ટાચારવિરોધી 'લડાઈ' નાટક કરાવે, તો ક્યારેક હાસ્યરસથી ભરપૂર સંગીતમઢ્યું 'ગિલોટીનનો ગોટો' જેવાં નાટકો ભજવે. આ નાટક લિયો ટૉલ્સ્ટૉયની વાર્તા 'ટુ ડીઅર' પર આધારિત હતું, જેનું નાટ્યરૂપાંતર ખુદ ભરતભાઈએ કર્યું હતું. ગંડુરાજા જેવા આજના રાજકારણીઓના વર્તન પર આધારિત આ નાટક હિન્દીમાં પણ અનુવાદિત થયું અને દિલ્હીની નૅશનલ સ્કૂલ ઑફ ડ્રામાની રેપરટરીમાં પણ ભજવ્યું. અમદાવાદના ખૂબ જાણીતા કલાકાર પી. ખરસાણી પાસે અદ્‌ભુત કામ લીધું હતું. ખુદ પી. ખરસાણીએ ભરતભાઈની દિગ્દર્શનક્ષમતાનાં મોંફાટ વખાણ કર્યાં હતાં અને પોતાની કારકિર્દીનો શ્રેષ્ઠ રોલ ભજવ્યાનો આનંદ વ્યક્ત કર્યો હતો.

પનાલાલ પટેલની જ્ઞાનપીઠ પુરસ્કૃત 'માનવીની ભવાઈ' નવલકથાનું નાટ્યરૂપાંતર રઘુવીર ચૌધરી પાસે કરાવ્યું અને ભજવતા પહેલાં કલાકારોની આખી ટીમને લઈને માંડલી ગામનો પ્રવાસ પણ કરાવ્યો. નવલકથામાં આવતા પ્રસંગો સાથે જોડાયેલાં સ્થળોનું નિરર્શન કર્યું, ગ્રામ પરિવેશ નિહાળ્યો અને સેટિંગ્ઝમાં જરૂરી હતી તેવી જૂનીપુરાણી ચીજવસ્તુઓ તથા ગાડાનાં તૂટેલાં પૈડાં સાથે લઈ આવ્યાં. ગોવર્ધન પંચાલ જેવાં વયોવૃદ્ધ સેટ ડિઝાઇનર પાસે આબેહૂબ માંડલી ગામનો સેટ સાહિત્ય પરિષદના પટાંગણમાં ઊભો કરાવ્યો. આટલું ઓછું હોય તેમ પાત્રોના સંવાદની સચોટતા ઊભી કરવા માટે રઘુવીરભાઈનાં પત્ની પારુબહેનને બોલાવી રાજુ બારોટ અને દીપ્તિ જોશીને એ તળપદી ભાષા અને બોલીનો લહેકો શીખવ્યો. ૧૨ નવેમ્બરથી ૧૮ નવેમ્બર ૧૯૮૭ દરમિયાન કલાપ્રેમી પ્રત્યેક પ્રેક્ષક સાહિત્ય પરિષદને આંગણે ભજવાતા આ નાટકને જોઈને અચંબો પામતા. કવિવર ઉમાશંકર જોશી તો આ નાટક નિહાળી એટલા પ્રભાવિત થયા હતા કે ઝભ્ભાનાં બંને ખિસ્સાંમાં જેટલા રૂપિયા હતા, તે બધા જ ખર્ચ પેટે ભરતભાઈના હાથમાં મૂકી દીધા. આ ઘટના મેં નજરે નિહાળી હતી.

એક આખી નવલકથાનો નિચોડ માત્ર બે જ કલાકમાં અસરકારક રીતે રજૂ કરવો ખૂબ કઠિન કામ હતું. નવલકથામાં આવતું ખલનાયિકા માલી ડોશીનું પાત્ર જાણીતાં કલાકાર અન્નપૂર્ણા શુક્લ પાસે એવું તો આબેહૂબ કરાવ્યું કે અન્નાબહેનને લોકો કરડાકી નજરે જોતાં. મુખ્ય પાત્રો રાજુ અને કાળુના પાત્રમાં દીપ્તિ જોશી અને રાજુ બારોટને ગ્રામપરિવેશમાં ભરતભાઈએ આબેહૂબ તૈયાર કર્યાં હતા. નવલકથાનાં અન્ય પાત્રોનું આલેખન પ્રત્યેક દશ્યની માવજત અને નવલકથાનું મુખ્ય હાર્દ લાઇટિંગ અને ગીતસભર સંગીતની માવજત સાથે જે રીતે રજૂ થયું એ જોઈને કેટલાક ગરવા ગુજરાતીઓએ નવલકથાની પ્રત બજારમાંથી ખરીદી લીધી હતી. કેટલાક મિત્રો તો નવલકથા વાંચીને નાટક જોવા આવતા. લેખક પ્રત્યેની નિષ્ઠા અને સમાજ સાથેની નિસબત સાથે છપ્પનિયા કાળનો દુષ્કાળ ઉપસાવવાની ભરતભાઈની કાબેલિયત એમના નાટ્યદિગ્દર્શનનો નિચોડ હતો.

ભરત દવેએ વિદેશી નાટ્યકારોનાં અનેક નાટકો ગુજરાતીમાં ભજવ્યાં છે. એની ચર્ચા ક્યારેક કરીશું. નાટકની પસંદગી વેળાએ લેખકના આંતરમનમાં જે દ્વન્દ્વ ચાલતું એને પકડતા અને કૃતિમાં રહેલી માનવીય સંવેદનાઓને નાટકની તપોભૂમિ પર તપાવતા. આ સાથે કલાકારની આંતરચેતનાને એની સાથે જોડી આપતા. આ કપરું કામ મુખ્ય પાત્રો પાસે કરાવતા. કલાકારનું પાત્ર સાથે સો ટકા ઇન્વૉલમેન્ટ ઊભું થાય એ માટે તેઓ મથ્યા રહેતા. એનું પરિણામ એ આવતું કે કલાકારનું આંતરતેજ પ્રગટી ઊઠતું અને અભિનય દીપી ઊઠતો.

ભરતભાઈ નાટકના આંતરિક પ્રવાહને પ્રગટાવતા. પાત્રોનાં મનોમંથન સંયમિત રીતે બહાર કઢાવતા અને સંવાદની સચોટતા સાથે લેખકની આભાને મંચ ઉપર પ્રગટાવતા.

ભરત દવે અતિસંવેદનશીલ દિગ્દર્શક હતા. બીજા વિશ્વયુદ્ધપૂર્વે જર્મન સરમુખત્યાર હિટલરે યહૂદી પ્રજા ઉપર જે કાળો કેર વર્તાવ્યો હતો અને ગેસચેમ્બર્સમાં લાખો યહૂદીઓને હોમી દીધા હતા, એ ઘટનાથી તેઓ ખૂબ દુઃખી થયા હતા. દર્શકે આ ઘટનાઓને લઈને તથા હિટલરના જીવન પર આધારિત ત્રણ ઉત્તમ નાટકો લખ્યાં હતાં: 'સોદો' 'હેલન' અને 'અંતિમ અધ્યાય'. ભરતભાઈએ ત્રણે નાટકો તૈયાર કરાવવામાં ભારે જહેમત ઉઠાવી. હિટલરને સ્ટેજ ઉપર જીવંત કરવા અરવિંદ વૈદ્ય જેવા દિગ્ગજ કલાકારને પસંદ કર્યા. હિટલરની પ્રતિભા ઉપસાવવા માટે ત્રણ દિવસ સુધી મેકપનાં રિહર્સલ થયાં હતાં. અંતે અરવિંદ વૈદ્યના મેકપ સહિતના ચહેરાના ફોટોગ્રાફ્સ પડાવ્યા અને એને હિટલરની જુદી-જુદી મુખમુદ્રાઓવાળી તસવીરો સાથે સરખાવી. આમ મેકપમાં પણ ભરત દવે ખૂબ ચીકાશ કરે… 'પરફેક્શન'ના એ અતિ આગ્રહી. હિટલરના સમયનાં વસ્ત્રો શોધવા અમદાવાદમાં છેક ત્રણ દરવાજાથી પાંચકૂવા સુધીની અનેક જૂનાં વસ્ત્રોની દુકાનો અમે સાથે ખૂંદી વળ્યા હતા.

દર્શકનાં આ ત્રણે નાટકોમાં એક તરફ ક્રૂરતા અને બીજી તરફ માનવસહજ સંવેદનાઓની મથામણને દર્શાવવા એ કલાકારોની પાછળ મથ્યા રહેતા. અગત્યનાં પાત્રોવાળા કલાકારોને અલગ બોલાવી એક જ પાત્ર સાથે કલાકો સુધી રિહર્સલ કરાવે. હિટલરનાં અમાનવીય કરતૂતો, બીજા વિશ્વયુદ્ધની ઘટનાઓ અને યુદ્ધ દરમિયાન થતા સોદાઓને દર્શાવતાં દશ્યોની એ ભારે માવજત લેતા. હિટલરનાં પરાક્રમો અને એના વ્યક્તિત્વ પર જે-જે પુસ્તકો લખાયાં હતાં એ બધાં જ એમણે ફંફોસી નાંખ્યાં હતાં. બીજા વિશ્વયુદ્ધના કેટલા બધા ફોટોગ્રાફ્સ એમણે એકઠા કર્યા હતા! સંબંધિત ફિલ્મો એ પોતે તો જુએ જ અને સૌ કલાકારોને પણ દર્શાવે. આ નાટકોની ભજવણીમાં અતિશયોક્તિ પણ નહીં અને સત્યથી કશું ઓછું પણ નહીં. જૂના ફોટોગ્રાફ્સ આધારિત સેટ ડિઝાઇન કરે. વેશભૂષા પણ એ જ સમયની. એટલું જ નહીં. પરંતુ પ્રો. યોગેન ભટ્ટ પાસે બીજા વિશ્વયુદ્ધના સમયમાં ઉપયોગમાં લેવાતાં વાજિંત્રો આધારિત સંગીત તૈયાર કરાવ્યું હતું.

દર્શકની ઉપસ્થિતિમાં આ નાટકો સણોસરામાં ભજવ્યાં. મનુભાઈએ પૂરો સંતોષ વ્યક્ત કર્યો, એ પછી ઠેર ઠેર એના શો કર્યા. નાટક પ્રત્યેનો લગાવ, લેખક પ્રત્યેની વફાદારી, કલાની રજૂઆતનું નાવીન્ય અને પ્રેક્ષકોમાં રસરુચિ કેળવવાની આવી આંતરસૂઝ ભરત દવેમાં અખૂટ હતી. આ નાટકો થકી પ્રેક્ષકોને તત્કાલીન કાલપ્રવાહમાં રસતરબોળ કરવા અને એમની રસરુચિને એક ઊંચા સ્તર સુધી લઈ જઈ શિક્ષિત કરવાનો ઉદ્દેશ રહેલો હતો.

દરેક નાટકની ભજવણી પહેલાં ભરતભાઈ પ્રસૂતિ જેટલી જ પીડા અનુભવતા. એક દિગ્દર્શક તરીકે એમને સંતોષ ન થાય ત્યાં સુધી નાટક મંચસ્થ ન થતું.

નાટક પ્રત્યેનો આ કર્મઠ ભાવ અને દિગ્દર્શક તરીકેની કોઠાસૂઝ શોધવા હવે ક્યાં જઈશું? ભરતભાઈ નખશિખ એક કલાકાર હતા. તેમનું દિગ્દર્શન અને લેખન જોતાં કહી શકાય કે તેઓ મુંબઈગરા ગુજરાતી નાટકોથી અલગ ચીલો ચાતરી અવેતન રંગભૂમિના કર્ણધાર રંગકર્મી હતા.

# સમતોલ માનવીય શિક્ષણને સમર્પિત કુમારભાઈ / યોગેન્દ્ર વિ. ભટ્ટ

કુમારભાઈના નામે વધુ પરિચિત એવા સ્વ. હેમેન્દ્રભાઈ વિ.ભટ્ટ, ગુજરાતના અર્વાચીન અને ગાંધીયુગના એક સમન્વિત,પક્વ,સુફળ જેવા હતા. પિતાજી વિષ્ણુભાઈ ભાવનગરની સુખ્યાત 'દક્ષિણામૂર્તિ'માં પ્રારંભે સ્વ. નાનાભાઈ-ગિજુભાઈના વિદ્યાર્થી અને પછી ત્યાં જ સહકાર્યકર રહ્યા, માતા રસિલાબહેન પણ પછી દક્ષિણામૂર્તિ બાલઅધ્યાપન મંદિરનાં તાલીમાર્થી બન્યાં હતાં. કુમારભાઈને આદરણીય ગિજુભાઈના ખભે તેમજ બાલમંદિરમાં રમવાનું - ઘડાવાનું પરમ સદ્ભાગ્ય મળ્યું હતું.

કંઈક દેખાવડા અને પ્રથમ પુત્ર તરીકે જન્મીને લાડમાં ઊછર્યા હોવાથી ઘરમાં મોટાભાઈ તરીકે જવાબદારી - ચિંતા સાથે સ્વમાન - સ્વીકાર વિષે થોડા જાગૃત રહેતા લાગતા. જોકે પત્રોમાં મોટા ભાગની વ્યક્તિઓને એ આખરી સહી કરવા સાથે વંદન જ પાઠવતા. બચપણમાં લાડના ભાગ તરીકે જ લોકભારતીમાં પાડોશી ન.પ્ર.બૂચ દંપતીનું પણ ખાસ્સું હેત તે પામેલા. ચિત્રકામની તેમને કુદરતી બક્ષિશ મળેલી. તરુણવયે ગુજરાતના મોટા ચિત્રગુરુ સોમાલાલ શાહ પાસે ચિત્રની, ખોડીદાસ પરમાર સાથે જ 'તાલીમ લેવા જતાં, પણ પછી પીંછી છૂટી ગઈ. ખોડીદાસભાઈ ઘણીવાર એ માટે અફસોસ વ્યક્ત કરતા. ભાવનગર-અમદાવાદ હાઈસ્કૂલ પછી 'વેડછી આશ્રમ'. પછી 'ગૂજરાત વિદ્યાપીઠ', અને પછી ગુજરાત યુનિવર્સિટી એમ એમનું ભણતર-ગણતર ચાલ્યું. ગિજુભાઈનાં સ્નેહ-સંસ્કાર-કૌશલની દીક્ષા ઉપર જુગતરામકાકા અને મગનભાઈ દેસાઈ જેવા મહાનુભાવોના સંપર્ક -પ્રભાવનો પણ લાભ મળ્યો.'સ્નાતક' તરીકે વિદ્યાપીઠમાં ઘણું ઘડાયા. અનેક સારા મિત્રો પણ મળ્યા. પોરબંદરમાં બી.એડ્. કર્યું અને ગુજરાત યુનિવર્સિટીમાં પ્રોફેસર ડૉ.કે.જી.દેસાઈ પાસે એમ.એડ્.પણ પૂરું કર્યું અને શિક્ષણક્ષેત્રની કામગીરીમાં જ સ્થિર થયા.

આરંભ સર્વોદય આશ્રમ, શાહપુર (જૂનાગઢ) થી થયો, ત્યાં લોકશાળામાં અને પછી અધ્યાપન મંદિરમાં અધ્યાપક અને આચાર્ય તરીકે ફરજ બજાવી. વિદ્યાર્થીઓ તેમને ચાહતા, માન આપતા. શાહપુરમાં સ્વ.ઇસ્માઇલભાઈ નાગોરી અને સ્વ.અકબરભાઈ નાગોરી પાસે ત્યારે ઉત્તમ યુવાન શિક્ષકોનું જૂથ હતું. તે કાયમ રહ્યું હોત તો તે સંસ્થાએ ભવિષ્યમાં કદાચ ઘણું નામ કાઢ્યું હોત. કુમારભાઈ દંપતી શાહપુરમાં ઘણો લાંબો સમય રહ્યાં તેમાં અકબરભાઈ નાગોરી દંપતીના સૌજન્યનોય ઘણો ફાળો રહ્યો. મોરારિબાપુ જેવા વ્યક્તિવિશેષ પણ, પોતાના ભૂતકાળના, શાહપુરના તાલીમાર્થી તરીકેના દિવસોને યાદ કરીને, શિક્ષક કુમારભાઈને અવારનવાર ભાવપૂર્વક યાદ કરીને, જાહેરમાં એ વિષે ઉલ્લેખ કરતા રહ્યા છે, અને અમસ્થા પણ, ખાસ સંભારીને ફોન કરીને અનેક વાર ખબરઅંતર પૂછતા રહ્યા છે. કુમારભાઈ પણ મુરારિબાપુના સૌજન્ય અને વિકાસ-સિદ્ધિ માટે કદરપૂર્વક રાજીપો અનુભવતા રહેતા હતા.

શાહપુર (જૂનાગઢ) પછી કુમારભાઈ 'શ્રેયસ' -અમદાવાદમાં સ્વ. લીનાબહેન (સારાભાઈ) મંગલદાસ પાસે શિક્ષણકાર્યમાં દાયકાઓ સુધી જોડાયેલા રહ્યા. પૂરી નિષ્ઠા-તૈયારીપૂર્વક સમર્પિત થઈને શક્ય એટલું ઉત્તમ કામ-પરિણામ સાધવું... એ કુમારભાઈનો સ્વભાવ હતો, અને શ્રેયસની પરંપરા-અપેક્ષા હતી. એટલે એમનો સહજ સંવાદ-મેળ રચાયો. કાર્ય કરવાનો સંતોષ એ કુમારભાઈની મુખ્ય જરૂરિયાત હતી. એમાં કોઈ પણ પક્ષે મૂંઝવણ-મુશ્કેલી જેવું લાગે, ત્યારે સ્થળ-કામગીરી અંગે ક્યારેક ફેરફાર પણ કરી લેતા.

થોડોક સમય બી.એમ ઇન્સ્ટિટ્યૂટમાં પણ વિશિષ્ટ પ્રકારનાં બાળકો સાથે કામગીરી કરી. પણ ધ્યાન ખેંચે એવી બાબત એ કે પોતાની તબિયત સંદર્ભે આરામની જરૂર હોય અને તક-શક્યતા હોય તોપણ એ જરૂરી પૂરતો આરામ કરી ન શકતા. સાવ આરામને બદલે થોડું ઘણું કામ કરવાથી મારા સ્વાસ્થ્યમાં લાભ થશે એમ જ એમને લાગતું! ૮૭ વર્ષે પણ લગભગ આ જ મનઃસ્થિતિ જળવાયેલી રહી.

કોઈ પણ સંજોગોમાં તેમણે કામની ગુણવત્તા અને કાર્યસંતોષ ન છોડ્યાં. સંપૂર્ણતાના આ આગ્રહને કારણે ક્યારેક એ કોઈને કડક વ્યવસ્થાપક-વહીવટકાર પણ લાગ્યા હોય... એવો સંભવ છે. અન્યનાં કામો કે રજૂઆતમાં અધૂરપ લાગે તો એમનો 'ક્રિટિક' જાગૃત થઈ જતો. સ્વકેન્દ્રીપણું, બેજવાબદારી, અવ્યવસ્થા જેવું કઈ લાગે ત્યારે, તેમનું મન પાછું પડી જતું. પરંતુ જ્યાં સચ્ચાઈ, નિખાલસતા, નક્કરતા, સહજતા જુએ ત્યાં પૂરા પ્રસન્ન થઈ જતાં... પછી એ રજૂઆત આદિવાસી-સેવિકા ખડકીની બહેન સુજાતા શાહની પણ હોય....અને ધર્મશાળાના દલાઈ લામાના સાથી રિમ્પોછેની પણ હોય !

વિશિષ્ટ સ્તરના બૌદ્ધિક તેમજ વૈચારિક કાર્યક્રમોમાં પણ એમને સામાજિક સભાનતા સાથેનો ઘણો રસ પડતો.

અમદાવાદમાં પ્રો.પુ.ગ.માવળંકરના હેરલ્ડ લસ્કી ઇન્સ્ટિટ્યૂટના આવા કાર્યક્રમોમાં તેઓ વારંવાર શ્રવણલાભ લેવા જતા. જરૂર જણાય ત્યારે વ્યવસ્થામાં મદદરૂપ બનવા પણ તૈયાર રહેતા. આને કારણે માવળંકર તરફથી ખાસ્સી સદ્ભાવ-મૈત્રીની લાગણી પણ તેઓ પામેલા. આ જ રીતે ગૂજરાત વિદ્યાપીઠના મહત્ત્વના કાર્યક્રમોમાં પણ તેઓ હાજર રહેવાનું પસંદ કરતા અને તેથી ત્યાંના મહામાત્ર રામલાલભાઈ પરીખનો સદ્ભાવ પણ તેઓ પામેલા.

શરીર અને મનથી વિશિષ્ટ જરૂરિયાતવાળા, વંચિત , તેમજ નિરાધાર બાળકો માટે એ હંમેશાં ખૂબ જ સંવેદનશીલ હતા, એ માટે પૂરા જાગૃત-ચિંતિત-સક્રિય રહેતા હતા. આવાં સૌ બાળકો માટે એમની સહાનુભૂતિ હંમેશ રહેતી. 'શ્રેયસ' અને 'બી.એમ'માં બાળકો સાથેનાં આ પ્રકારનાં કામોમાં સંકળાવાનું તેમને ઘણું ગમતું. મૂંઝાયેલા-ગૂંચવાયેલા-અકળાયેલાં,બાળકો અને તરુણો સાથે નિરાંતે પ્રેમથી, શાંતિથી નિખાલસ વાતો કરીને તેમને પૂરા સ્વસ્થ બનાવવાના કામમાં તેમને ઘણો રસ-સંતોષ મળતો.

તે સમયગાળામાં ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે કામગીરીમેળવવાની તેમની પાસે ડિગ્રી,લાયકાત, ક્ષમતા અને તક હોવા છતાં તેમણે નાની વયનાં બાળકો-તરુણોનાં શિક્ષણ-ઘડતરનાં કામોમાં જ સક્રિય રહેવાનું પસંદ કર્યું... એ બાબત પણ નોંધપાત્ર લેખાય. 'શ્રેયસ' અને સ્વ. લીનાબહેનની વિશિષ્ટ શૈક્ષણિક કામગીરી સાથે જોડાઈ રહેવાનો એ જાણે કોઈ વિશિષ્ટ ઋણાનુબંધ લઈને આવ્યા હતા. એક વાર બહાર જઈને પાછા સહજ રીતે 'શ્રેયસ'માં જ ગોઠવાયા હતા. સ્વ. લીનાબહેન તેમની કામગીરીથી ખૂબ સંતુષ્ટ હતાં. કુમારભાઈ છેવટે પથારીવશ થયાં ત્યાં સુધી 'શ્રેયસ' સંસ્થા સાથેનું તેમનું અવરજવરવાળું અનુસંધાન ચાલુ જ રહ્યું.

એમણે નિવાસસ્થાન બહાર બદલ્યું હતું, પણ શ્રેયસનાં બાળકો અને શિક્ષણે તેમના મન-ચિત્તમાં કરેલું નિવાસ સ્થાન બદલાયું નહોતું. આમ 'શ્રેયસે' એમના મન-ચિત્તમાં કરેલું નિવાસસ્થાન બદલ્યું નહોતું.

સ્વરાજઆશ્રમ, વેડછીમાં ૧૯૫૦માં તેમણે ખાદી ધારણ કરેલી તે ચકાચક અમદાવાદમાંય, અમદાવાદની સારી - સુખ્યાત પણ કંઈક શહેરના ઉપલા 'ક્રીમી લેયરવર્ગ' સાથે જોડાયેલી 'શ્રેયસ' સંસ્થામાં દાયકાઓ સુધી ખાદીનો ડ્રેસકોડ હોવાથી પણ ખાદી એમને માટે જીવનભર સહજ હતી અને વધુ સહજ બની રહી. અને જીવનના અંત સુધી તેઓ તેને વળગી રહ્યા, કદાપિ તેમાં બાંધછોડ ન કરી.. વળી આખરી માંદગીના હૉસ્પિટલના બિછાનેથી પણ એમણે એમના શ્રેયસનાં શિક્ષણકાર્યની ફાઈલો મંગાવવાનું ઇચ્છ્યું હતું.

હા, સાદગી સાથે તેઓ સ્વચ્છતા,સુઘડતા અને કલાગત સુંદરતાના ચાહક હતાં... એટલે પોતાના પોશાક, રહેણીકરણી,ઘર અને સંસ્થા-કામોમાં કશું જ બિનજરૂરી ચલાવી લેવાનું તેમને જરા પણ ગમતું નહીં. સફેદ ખાદીનાં કફની-લેંઘો સમયાંતરે તેમની એક આગવી ઓળખ પણ બની રહી.

વર્ષો પહેલાં તેમની જૂની સીધી સાદીકફની પણ તેના કટ-સિલાઈ-માપ સારુ માટે હું મારા ગામડાના દરજીના માર્ગદર્શન માટે લઈ જતો !

ત્રણ-ચાર મહિના થાય એટલે ઘરમાં પથારીઓ-ટેબલો—પુસ્તક,ઘોડા, બૅગો,રેડિયો, ટી.વી. બધુંય રૂમમાં નવા આયોજનથી ગોઠવવા ઉત્સુક થઈ જાય. રૂટિન જીવનવ્યવસ્થામાં આવી સાદી રીતેય થોડો નાવીન્ય રસ લાવી શકાય છે, તે જોઈને અમે પણ એવા ફેરફારો અમારા ઘરમાં શરૂ કરેલા!

તેમનું સ્ત્રી-દાક્ષિણ્ય પણ ધ્યાન ખેંચે તેવું. ગૃહિણીનાં રોજબરોજનાં કામોમાં મદદ કરવા તે તત્પર હોય. મહેનતવાળાં થકાવનારાં કામો તો પોતે જ કરે, કોઈ કામનો છોછ નહીં, ગૃહિણીની સગવડ-અગવડ, સલામતી,આરામ,સન્માન બધું સચવાય એ અંગે ડગલે ને પગલે સચિંત દેખાય. રમૂજ અને ક્યારેક હળવી ગમ્મત પણ કરે. સાથે જમવાનું હોય, ત્યારે ભાણાં પીરસાઈ ગયા પછીયે, પત્ની જ્યાં સુધી જમવાનું શરૂ ન કરે ત્યાં સુધી પોતે પ્રથમ કોળીયો પણ હાથમાં ન લે. એમને આમ કરતાં જોઈને અન્યો પણ શિષ્ટાચારે અટકી જતા.

કુમારભાઈ, કામની ગુણવત્તા અને સંતોષકારક પરિણામનો આગ્રહ છોડ્યા વિના, જીવનભર નાનામોટા વિદ્યાર્થીઓના સાહજિક,સમતોલ અને માનવીય શિક્ષણ-ઘડતરની મશાલ લઈને સતત આગળ વધતા જ રહ્યા.

ક્યારેક તેનાં સુખદ પરિણામો જોઈને આનંદ,સંતોષ અને સાર્થકતા પણ અનુભવતા..

પૂરાં પચાસ વર્ષ પહેલાંની વાત. શ્રેયસના બાલગ્રામમાં કાંતા કાનન નામની નાની દીકરી વિચરવા-વિકસવા નિવાસમાં આવેલી. કન્યા ઘણી પ્રાણવાન-શક્તિભરી... એટલે પોતાનાં બાળસહજ પરાક્રમો-તોફાનોથી બધાને મથાવ્યા કરતી. કુમારભાઈએ પણ તેના સ્વસ્થ વિકાસઘડતરમાં રસ લીધેલો. મોટી થઈને ભણીગણીને તે કન્યા બહારના જગતમાં ગઈ. એની રીતે આગળ પણ વધી... અને દક્ષિણમાં શ્રી શ્રી રવિશંકરના બૅંગાલુરુ-આશ્રમે-કેન્દ્રના વ્યવસ્થાપકમંડળની એક કુશળ અને મહત્ત્વની માનનીય સભ્ય બની રહી. તેને વર્ષો બાદ શ્રેયસ અને હેમેન્દ્રભાઈ ખૂબ યાદ આવ્યાં. એણે પ્રયત્નો કરીને સરના સંપર્કનંબરો મેળવ્યા... છેલ્લા દિવસોમાં અચાનક એક દિવસે એ ફોનમાં ટહુકી ! મને ઓળખી ? હું બાળપણમાં તમને બધાને થકવનારી પેલી તોફાની કાંતા કાનન બોલું છું! અને પછી એણે નિરાંતે પોતાની વાતો કરી, કુમારભાઈ દંપતીની વૃદ્ધાવસ્થાની, તબિયતની મુશ્કેલીની વાતો જાણી... તબિયતનાં ખબરઅંતર પૂછ્યા. ઘણા સમયે મળવાનું થતાં થોડી લાગણીશીલ બની...અને પછી કહે— સર, હવે તમારે બીજો કશો જ વિચાર કરવાનો નથી, બીજે ક્યાંય જવાનું નથી. તમે બંને અહીં અમારાં આશ્રમ-કેન્દ્રમાં રહેવાં આવી જાઓ. તમારી બધી વ્યવસ્થા-જવાબદારી હું જ કરીશ. વિમાનસેવા શરૂ થાય એ માટે આ કોરોનાનું જરા શાંત થવા દો. હું જ તમારા માટે પ્લેનની ટિકિટ બુક કરાવીને જ તમને મારી સાથે લઈ જવા માટે જાતે જ ત્યાં આવીશ. તમે તૈયાર રહેજો. હું ફોન કરીશ અને તમને ગમશે પણ ખરું. બોલો ક્યારે આવો છો?... આ સાંભળી કયો શિક્ષક ધન્યતા ન અનુભવે? કાંતાબહેનને પણ આદરણીય સર અને બહેનને બૅંગાલુરુ લઈ જવાની પોતાની હોંશ અધૂરી રહી ગયાનો અફસોસ તો થશે!

એમણે એમના પોતાના જીવનના અને શૈક્ષણિક કામગીરીના અનુભવો લખવાનું શરૂ કર્યું હતું. તે પૂરું થઈ શક્યું હોત, તો સારું થાત. પણ ઈશ્વરેચ્છા બલિયસી !

એમના માતૃ-પિતૃ-શ્વશુરપક્ષમાં વિશાળ પરિવારના જનોમાં પણ એ જુદા તરી આવતાં હતાં. તેમના સૌ સ્વજનો માટે હાર્દિક દિલસોજી અને સદ્ગત માટે શાંતિપ્રાર્થના !

## ગ્રાહકોને

- બૅંકમાં ડાઈરેક્ટ પેમેન્ટ માટે નિરીક્ષક પ્રકાશન, ખાતા નં. 10111977055, એસબીઆઈ, ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ, ૧, અક્ષર આર્કેડ, મેમનગર ફાયર સ્ટેશન સામે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪ SBIN0003092 : ભર્યા પછી ઈ-મેલ (prakash.nireekshak@gmail.com) અગર વૉટ્સ અપ/ એસએમએસ (૦૯૮૭૯૯૧૯૪૨૧)થી સરનામા સહિતની વિગતે ખબર આપો.

## કરો ખમૈયા / પ્રફુલ્લ રાવલ

કરો ખમૈયા, બંધ કરો આ નકરો વાણી વિલાસ
સૂગ ચડે છે અમને જોતા ભાતભાતના લિબાસ
કરો ખમૈયા, બંધ કરો આ નકરો વાણીવિલાસ

ઘેલા થઈને જોઈ રહ્યા'તા શુભદિવસોની વાટ
પણ મિજબાની કરતા દીઠાં ગીધડાં સરિતાઘાટ
નવરા બેઠા અમે આદરી મનની ફેરતપાસ
કરો ખમૈયા, બંધ કરો આ નકરો વાણીવિલાસ

ભૂલા પડ્યા કે મારગ ભૂલ્યો કોને કરીએ રાવ?
ધોળા દિવસે, સૂરજ સાખે લાગ્યા કેવા ઘાવ!
નજરું સામે એ તો મહાલે, કરીએ કેમ તલાશ?
કરો ખમૈયા, બંધ કરો આ નકરો વાણીવિલાસ

# શું રસીકરણ તંદુરસ્તીની સાચી દિશા છે? / જાગૃત ગાડીત

રસીકરણ જ માત્ર એવો મુદ્દો છે જ્યાં સરકાર અને વિપક્ષ, આસ્તિક અને નાસ્તિક, ઇઝરાયેલ અને હમાસ, અમલદાર કે કર્મશીલ, મીડિયા કે વિદ્વાનો, સંશોધકો ને વેપારીઓ બધા એક સૂરમાં વાત કરે છે. બસ એક વાર રસીકરણ થઈ જાય! પછી આપણા કાયમના દાવપેચ (business as usual) ચાલુ! આ ઉતાવળ કેમ? Business as usual ઘણી હકીકતો, સત્ય અને પ્રશ્નો ઢાંકેલા રાખે છે, જે આ મહામારીમાં ખુલ્લાં થયાં છે. રૂમમાં ઊભેલો હાથી એ છે કે રસીકરણને રામબાણ ઇલાજ (panacea) ગણવો એ અંધશ્રદ્ધા તો નથીને? રસીકરણ સામેના વાંધા આડઅસરો (unintednded) વિશે નહીં પણ મુખ્ય (intended) અસર અને તેના લાંબા ગાળાનાં પરિણામો વિશે છે.

વિકસિત દેશોના સંશોધકોને એક કોયડો સતાવે છે. તેઓ સગવડો/સંસાધનો, સ્વચ્છતા/હાઇજીન, પ્રદૂષણનો અભાવ, આહાર/પોષણ વગેરે દરેક રીતે આગળ હોવા છતાં તેમનો કોવિડ મૃત્યુદર (પ્રતિ દસ લાખ વસ્તી) ભારત, પાકિસ્તાન કે બાંગ્લાદેશ જેવા વિકાસશીલ દેશ કરતાં ઘણો અને સબસહારન આફ્રિકા કરતાં ઘણો-ઘણો વધારે કેમ? વિવિધ પેરામીટર બદલીને ઘણાં કમ્પ્યૂટરમૉડલ દોડાવે છે, પણ વૈજ્ઞાનિક રીતે સુસંગત, તર્કબદ્ધ અને માની શકાય એવો (plausible) ઉત્તર મળતો નથી.

મેડિકલ વિજ્ઞાન પૅથૉલૉજિકલ પ્રક્રિયાઓ અને એ પ્રમાણે રોગોને વ્યાપક રીતે બે ભાગમાં વહેંચે છે — એક્યુટ અને ક્રોનિક. એક્યુટ રોગ થોડા સમય માટે હુમલો કરી પસાર થઈ જાય, જ્યારે ક્રોનિક રોગ એક વાર લાગુ પડ્યા પછી ચોંટેલા રહે છે અને તેમની તીવ્રતામાં ઉત્તરોત્તર વધારો પણ થઈ શકે. ટાઇફૉઇડ, મૅલેરિયા, ચિકનગુનિયા, ડેન્ગ્યુ કે કોવિડ જેવા જાણીતા ચેપ એક્યુટ રોગ છે, જ્યારે ડાયાબિટિસ, કેન્સર કે સંધિવા વગેરે ક્રોનિક. ઝાડા, ઊલટી, શરદી, ઉધરસ, તાવ વગેરે ક્રોનિક રોગનાં લક્ષણો હોઈ શકે, પણ સામાન્ય રીતે તે એક્યુટ સ્વરૂપે જ હોય છે. એક્યુટ કે ક્રોનિક બધી પ્રક્રિયાઓ ઇમ્યુન સિસ્ટીમની બચાવપ્રવૃત્તિ જ છે.

ઇમ્યુન સિસ્ટમ શરીરની એક્યુટ અને ક્રૉનિક પ્રક્રિયાઓનું એકસાથે સંતુલિત અને માપસર (optimal) નિયમન કરે છે. સિદ્ધાંત એ છે કે જેમજેમ શરીરમાં એક્યુટ-પ્રવૃત્તિઓ દબાતી કે ગાયબ થતી જાય છે, એમએમ ક્રોનિકપ્રવૃત્તિ વધતી જાય છે. એક્યુટ-ક્રોનિક એક્સિસ પરની આ યાત્રા ઇમ્યુન સિસ્ટમની ગતિશીલ તાસીર છે, અને અમુક અંશે વધતી ઉંમર સાથે કુદરતી રીતે પણ થાય છે. દવાઓ દ્વારા વખતોવખત એક્યુટ-પ્રક્રિયાઓ પર થતું આક્રમણ આ રૂપાંતરને ઝડપી બનાવે છે. આ અતિ મહત્ત્વનો સિદ્ધાંત, જે અનુભવ અને અવલોકનની દૃષ્ટિએ સો ટકા સાચો નીકળે છે, તેનો સ્થાપિત મેડિકલ વિજ્ઞાનમાં ઉલ્લેખ થતો નથી.

રસી જે-તે ચેપના જીવાણુ માટે આપણા ઇમ્યુન રિસ્પોન્સને સલામત અને નિયંત્રિત માત્રામાં ઉત્તેજિત કરે છે, જે શરીરમાં એ ચેપ સામે લડવા જરૂરી ઍન્ટિબોડીઝ પેદા કરે છે. હવે જ્યારે ખરેખરો ચેપ લાગે ત્યારે, હાજર ઍન્ટિબોડીઝને કારણે રોગ (લક્ષણો) પેદા થતો નથી, ક્યાંતો હળવા સ્વરૂપે જ થાય છે. જીવનું જોખમ કે હૉસ્પિટલમાં દાખલ થવાની શક્યતાઓ ઘટી જાય છે. રસી ચેપ લાગતાં કે તેનું પ્રસારણ થતાં અટકાવતી નથી. કોઈ રસી-ઉત્પાદક એવો દાવો કરતા પણ નથી.

રસી-ઉત્પાદક ત્રણ અભ્યાસનાં પરિણામો જણાવવા બાધ્ય હોય છે. Safety (આડઅસરો અને તેમની ગંભીરતા), Immunogenicity (રસી ખરેખર ઇમ્યુન સિસ્ટમને ઉત્તેજિત કરી ઍન્ટિબોડીઝ પેદા કરે છે) અને efficacy (રસી મૂક્યા પછી કેટલા ટકા લોકોમાં રોગની તીવ્રતા ઘટી). ત્રણેય ટૂંકા ગાળાના અભ્યાસ છે.

રસીકરણનું જોખમ ક્યાંથી આવે છે? ઉપર જોયેલા સિદ્ધાંત મુજબ જ્યારે એક્યુટ પ્રક્રિયા ગાયબ થાય તેટલા પ્રમાણમાં ક્રોનિક અવસ્થા બગડતી જાય. રસીકરણ એક્યુટ પ્રક્રિયાને થતાં પહેલાં જ (apriori) દબાવે/ગાયબ કરે છે માટે તેટલા પ્રમાણમાં શરીરની ક્રોનિક સ્થિતિને નબળી કરે છે. ક્રોનિક સ્થિતિ જેનેટિક કોડમાં અંકિત થતી હોવાથી જો બાળકો પેદા થવાનાં બાકી હોય, તો આવનારી બધી પેઢીઓનું ક્રોનિક સ્વાસ્થ્ય જોખમાવે છે. પેઢીદરપેઢી બાળકો અને યુવાનોનું રસીકરણ આવા નુકસાનનો સરવાળો કરતું જાય છે. વધુ ને વધુ રસીકરણ વ્યક્તિને અને લાંબા ગાળે સમાજને ગંભીર અને ઊંડા ક્રોનિક રોગો તરફ ધકેલે છે.

ક્રોનિક સ્વાસ્થ્ય બગડવું એટલે શું? શરીરનું ક્રોનિક સ્ટેટસ અમુક અંશે ઇન્ફ્લેમેટરી માર્કર્સ પરથી જાણી શકાય છે. એની સંપૂર્ણ સમજ ઘણી દૂર છે. પણ એ બગડવાનાં પરિણામ ખતરનાક છે. કેન્સર કે આલ્ઝાઈમર જેવા રોગોને નોતરુ છે. કોવિડ એક્યુટ રોગ છે, પણ મોટા ભાગનાં મૃત્યુ માટે કારણભૂત ગણાતી comorbidities બધી જ ક્રોનિક પ્રક્રિયાઓ છે. માટે જ વિકસિત દેશોમાં કોવિડ મૃત્યુદર સબસહારન આફ્રિકા કરતાં ઘણો ઘણો વધુ છે. કોવિડમાં પાંચ-સાત દિવસ પછી ક્યારેક રોગ જે ગંભીર સ્વરૂપ ધારણ કરે છે અને cytokine storm, ARDS (Acute Respiratory distress syndrome) કે MODS (Multiple Organ Dysfunction Syndrome) જેવી જીવલેણ Hyperimmune fu Autoimmune પરિસ્થિતિઓ સર્જાય છે, તે ક્રોનિકનો એક્યુટ ભડકો (Acute exacerbation of chronic) જ છે. આ સ્થિતિ માટે સ્ટીરોઇડ થૅરપી, અને પછી આપણે ત્યાં મ્યુકરમાયકોસિસ! મજબૂત ક્રોનિક સ્ટેટસવાળાને આમાંથી કશું જ થયું નથી.

શું રસી બનાવનાર કે એ વિશે સંશોધન કરનાર કોઈને તેની લાંબા ગાળે વ્યક્તિના ક્રોનિક સ્ટેટસ પર શું અસર થશે એ ખબર છે? એ જાણવાની કોઈ રીત એમની પાસે છે? કોઈ નકારાત્મક અસર નહીં જ થાય એની ખાતરી આપી શકે છે? ઈમાનદાર સંશોધક આ સવાલોના જવાબ સ્પષ્ટ નકારમાં જ આપે છે. રસીકરણથી ક્રોનિક સ્થિતિનો બગાડ લાંબા ગાળે થતો હોવાથી ચોક્કસ કાર્યકારણસંબંધ સ્થાપિત કરી શકાતો નથી. પુરાવા સાંયોગિક પણ નકારી ન શકાય એવા છે. વિકસિત દેશોમાં છેલ્લા થોડા દાયકાઓમાં મોટા ભાગના એક્યુટ ચેપીરોગો ગાયબ થયા/કર્યા છે અને સામે સંસાધનો, પ્રદૂષણ, પોષણ વગેરે બધું સાનુકૂળ હોવા છતાં ક્રોનિક રોગોનો પ્રચંડ ફેલાવો છે.

રસીકરણ ભયપ્રેરિત મંદબુદ્ધિ પ્રવૃત્તિ છે. કોઇ પણ ચેપી રોગની (દા.ત. કોવિડ) સારવારમાં દર્દીઓ વચ્ચે ઘણું વૈવિધ્ય હોય છે. સાચો ક્લીનીશીયન દર્દીનાં લક્ષણો પ્રમાણે જો અને જેટલી જરૂરી હોય તેટલી જ દવા આપશે. મોટાભાગનાને તો દવાની જરૂર જ નહીં પડે. આની સામે રસીકરણની one size fits all પ્રવૃત્તિ કેવી રીતે સ્માર્ટ ગણી શકાય? મોટાભાગના ડોકટરો રસીકરણનું સમર્થન કરે છે એ સૌથી મોટું અચરજ છે.

આપણી ઇમ્યુનિટી લાખોકરોડો વર્ષોની ઉત્ક્રાંતિથી કેળવાયેલી અને ઊંડે સ્થપાયેલી બુદ્ધિ (Embedded Intelligence) છે જે બહારથી આવતાં

વ્યવધાનો સામે/સાથે અનુકૂલન (adaptation) સાધવાની અને માપસરનો (optimum) પ્રતિભાવ પેદા કરવાની જબરદસ્ત ક્ષમતા ધરાવે છે. એ સતત શીખતી (learning) પ્રણાલી છે. અનુભવથી જાતે શીખવાની (unsupervised learning) ક્ષમતા આપણી ઇમ્યુનિટીની ચાવીરૂપ શક્તિ છે, જે ઉત્ક્રાન્તિના ક્રમમાં કેળવાતી/કેળવાઈ રહી છે. લાખો યોનિઓમાંથી પસાર થયા પછી મનુષ્યજન્મ મળે છે! બડે ભાગ માનુષ તન પાયા…

Artificial Intelligence and Machine Learning (AIML) માં deep learningનો ખ્યાલ ખાસ મહત્ત્વનો ગણાય છે. જે પ્રણાલી આપણે માનવસર્જિત કૃત્રિમ વસ્તુઓની બુદ્ધિ વધારવા માટે ખૂબ ઉપયોગી માનીએ છીએ, તે જ ખ્યાલ જ્યારે આપણી કુદરતી ઇમ્યુન સિસ્ટમમાં કામ કરે, ત્યારે તેનું મહત્ત્વ કેમ સમજતા/સ્વીકારતા નથી? સભાનબુદ્ધિ કરતાં ધરબાયેલી ઊંડી બુદ્ધિ ઘણી વ્યાપક છે, જેનો ઘણો મોટો ભાગ અસભાન રીતે પોતાનું કામ ખૂબ ચોકસાઈથી કર્યા કરે છે. હૃદયના નિયમિત ધબકાર માટે જે વિદ્યુતસિગ્નલ દોડાવવા પડે તે માટે આપણે કોઈ આયોજન કરવું પડતું નથી. અરે, વિચાર કરવા કે ઊંઘવા માટે પણ વિદ્યુતપ્રવાહ દોડે છે… આ પ્રણાલીને ઈશ્વરનિર્મિત કહો કે ઉત્ક્રાંતિનો પ્રસાદ!

ઉપનિષદનો પંચકોશ સિદ્ધાંત ઊંડી બુદ્ધિને સમજવા ઉપયોગી છે. અન્નમય કોશ ભૌતિક શરીર છે, પ્રાણમય કોશ શ્વાસોચ્છ્વાસ અને અન્ય ગતિઓ સાથે સબંધિત છે, મનોમય કોશ મનોવૈજ્ઞાનિક દેહ છે, વિજ્ઞાનમય કોશ બુદ્ધિ, ચિત્ત કે ચૈતન્યનું સ્તર છે, અને અંતિમ આનંદમયકોશ નિર્વિકલ્પ સમાધિ કે ઊંડી અસ્વપ્ન ઊંઘ જેવી અવસ્થા છે. આપણી ઇમ્યુનિટીની ઊંડી બુદ્ધિ વિજ્ઞાનમય કોશના સ્તરે પ્રવર્તે છે, જ્યાં સમસ્ત જીવસૃષ્ટિનાં લાખોકરોડો વર્ષોની ઉત્ક્રાંતિના અનુભવો અને અનુકૂલનનો નિચોડ જેનેટિક કોડમાં સતત પોતાને એડિટ કરતા સિદ્ધાંત તરીકે જીવંત છે.

ઇમ્યુનિટીની બુદ્ધિ શરીર જે રીતે નવા વાઇરસ સાથે કામ પાડે છે, તેમાં જોઈ શકાય છે. વાઇરસ અને શરીર એકબીજાં સાથે લડતા નથી, અનુકૂલન સાધે છે.વાઇરસ સતત બદલાતો રહે છે. શરીર આપણી જેમ દરેક સ્વરૂપનું અલગ નામકરણ કે જીન સિક્વન્સિંગ કરતું નથી. એ ફક્ત આગળ મળી ચૂકેલા વાઇરસ અને નવા મહેમાનમાં શું ફરક છે, એટલી જ માહિતી તારવી, અગાઉના વાઇરસ માટે શીખેલી પ્રતિક્રિયાઓમાં જો અને જેટલો જરૂરી હોય એટલો જ ફેરફાર કરે છે. આ deep learningમાં રત પ્રણાલીનું સાતત્ય છે. આને સંશોધકો ક્રૉસ ઇમ્યુનિટી કહે છે. બુદ્ધિમંત વિદ્યાર્થી વિષયના મૂળભૂત ખ્યાલોને સમજીને દાખલા ગણે છે, માટે નવો દાખલો ગણતાં એને આગળ ગણેલા દાખલાઓનો અનુભવ કામ લાગે છે.

રસીકરણ તાલીમ છે, ઇલાજ નથી. ઇલાજ રોગ થયા પછી, જ્યારે તાલીમ તે પહેલાં અપાય છે. આ સારું નથી?'Prevention is better than cure!' પણ તાલીમ કયા પ્રકારની છે? રસી ઇમ્યુન સિસ્ટમને નિયંત્રિત માત્રામાં ઉત્તેજિત કરી જે-તે રોગના ઍન્ટિબોડીઝ ડિઝાઇનર પ્રક્રિયાથી પેદા કરાવે છે. શરીરની પોતાની રીતે શીખીને, અનુકૂલન સાધીને માપસર રીતે તે કામ કરવાની તક ઝૂંટવી લે છે. કોચિંગ ક્લાસ એપ્રોચ છે, જે સવાલ પરીક્ષામાં પુછાવાની શક્યતા હોય તેનો જવાબ તૈયાર કરાવી દેવો. અચાનક નવો સવાલ આવે કે જાણીતા સવાલને અલગ રીતે પૂછવામાં આવે તો?

નવા વાઇરસ સામે રસીકરણથી કેળવાયેલી ઇમ્યુનિટી ઘાંઘી (Hyperimmune કે Autoimmune) બને છે, અને મૃત્યુ માટે વાઇરસ જવાબદાર મનાય છે.વિવિધ રોગો માટે વારંવાર થતું રસીકરણ જન્મજાત બુદ્ધિમંત ઇમ્યુનિટીને ગોખણપટ્ટી કરાવીને ડફોળ બનાવી દે છે. વિકસિત દેશોમાં આ વધુ બન્યું છે અને આપણે એમની પાછળ દોડીએ છીએ. ઍન્ટિબોડીઝ ઇમ્યુનિટી નથી, જે ઊંડી બુદ્ધિ જરૂર પ્રમાણે માપસર ઍન્ટિબોડીઝ પેદા કરે છે, તે ઇમ્યુનિટી છે.

ઇમ્યુનિટીનું રસીકરણથી થતું નુકસાન કાયમી/અફર (irreversible) છે. જો કોઈ બુદ્ધિમંત વિદ્યાર્થી ખોટી તાલીમથી પાછો પડ્યો હોય, તો તાલીમની પદ્ધતિ બદલી એની મૂળ ક્ષમતા પર લાવી શકાય છે. પણ ઇમ્યુનિટીને થતું નુકસાન જેનેટિક કોડમાં જ છપાય છે. એને થયા પછી બદલવાની કોઈ પ્રયુક્તિ નથી. બાળકો પેદા કરવાનાં બાકી હોય, તો આવનારી બધી પેઢીઓ સુધી એ નુકસાન પહોંચે છે. બાળકો અને યુવાનોનું રસીકરણ આખી માણસજાતના ભવિષ્ય માટે ખતરનાક બને છે. સૌથી વધુ રસીકરણ બાળકોનું જ થાય છે.

આપણા પૂર્વજો ચેપીરોગોથી ઘણી વાર યુવાનવયમાં કે બાળપણમાં જ ગુજરી જતા.આ કુદરતી ગળણી/ચારણી નબળા જેનેટિક મટીરિયલને આગળ વધતા અટકાવતી હતી, ત્યારે પેઢીદરપેઢી મજબૂત ઇમ્યુન સિસ્ટમ ટકેલી હતી. આજે આપણે રસીકરણ અને દવાઓથી પહેલાં એક-બે બાળકોને જ ટકાવી રાખીએ છીએ. મો.ક. ગાંધી કે રવીન્દ્રનાથ ટાગોરનો નંબર કદી આવે જ નહીં!

વધેલું સરેરાશ આયુષ્ય અને ઓછો બાળમૃત્યુદર શું પ્રગતિ જ દર્શાવે છે? Business as usual આવા કઠિન પ્રશ્નો ઢાંકેલા રાખે છે. ઇમ્યુનિટી ફક્ત વ્યક્તિ (individual) માટે નહીં પણ પ્રજાતિ (species) અને સમષ્ટિ માટે માટે પણ આપમેળે વિચારે છે. વ્યક્તિ અને પ્રજાતિ બંનેમાં પસંદગી કરવાની હોય, ત્યારે એ વ્યક્તિને સહજ રીતે છોડી દે છે. રસીકરણ પ્રજાતિના ભોગે વ્યક્તિને જ બચાવે છે. 'એક-એક જીવન કીમતી છે' એ રાજકારણીઓનું રેટરિક માત્ર છે.

રસીકરણ સાથે જોખમ (risk analysis)નો ખ્યાલ સીધો જોડાયેલો છે. પણ આ વીમો લેવા જેવી સરળ વાત નથી. ટૂંકા ગાળા અને લાંબા ગાળાનાં જોખમો એકબીજાંથી વિરુદ્ધ દિશાનાં છે. ટૂંકા અને લાંબા ગાળાના tradeoffમાં માણસ હંમેશાં થાપ ખાતો આવ્યો છે. લાંબા ગાળાનાં જોખમો તોતિંગ (Himalayan) છે, પણ અત્યારે દેખાતાં નથી. રસી જે-તે ચેપ પૂરતી રોગની તીવ્રતા જરૂર ઘટાડે છે, પણ જો લાંબાગાળે ગંભીર ક્રોનિક રોગોની શક્યતા વધવાની હોય અને અચાનક નવો ચેપ આવી પડે, ત્યારે ઇમ્યુનિટી અધ્ધર થઈ જવાની હોય તો શું એમ કરવું સ્માર્ટ પસંદગી છે? આવનારી પેઢીઓ પર જતું જોખમ તો આખી મનુષ્યજાતના ભવિષ્યને કુંઠિત કરે છે. એ અત્યારે દેખાતું અને ગણી શકાતું નથી, માટે એને ભૂલી જવું?

આ મહામારી રસીકરણથી પેદા થતાં લાંબા ગાળાનાં જોખમોનું નાનકડું નિદર્શન (ટ્રેલર) માત્ર છે. Business as usual ખતરનાક છે. તમે ડાબેરી છો કે જમણેરી, ભક્ત છો કે ભડકેલા, મૂડીવાદી છો કે શોષિત, રોકડે રમો છો કે વાયદે, મિષ્ટાન્ન ભાવે કે ફરસાણ, લેખક છો કે વિવેચક, સ્માર્ટ છો કે બબૂચક, એ બધું દ્રશ્યશ્રાવ્યભાવ્ય નાટક આવતાં બસો ત્રણસો વર્ષ ચલાવવા માંગો છો કે થોડાં હજાર વર્ષ, એટલું જ નક્કી કરવાનું છે! બાકી રસીકરણ ભવિષ્યનો ઇતિહાસ અને ઇતિહાસનું ભવિષ્ય બહુ ઝડપથી ટુંકાવશે એવું દેખાય છે.

શૅરબજારમાં જાણીતો contrarian સિદ્ધાંત છે. જ્યારે બધાને બજાર ઉપર જશે એની ખાતરી હોય અને લિફ્ટમેન કે ચાની લારીવાળો શૅર

ખરીદવાની ટિપ્સ આપતો થઈ જાય ત્યારે સમજી લેવું કે માલ વેચવાનો સમય પાકી ગયો છે. પણ આખું ગામ ખરીદતું હોય, ત્યારે વેચવું લગભગ અશક્ય બની જાય છે. બધા રસી લેવા નીકળ્યા હોય, ત્યારે આ લેખ લખવો એનાથી હજાર ગણું વધુ કઠિન છે. Herd immunity તો ખબર નહીં, પણ Herd mentality જરૂર કેળવાઈ છે. શૅરબજારનો ફુગ્ગો તરત ફૂટે છે, પણ માણસજાતના ફુગ્ગાની હવા રસીકરણથી બસો-ચારસો વર્ષે ધીમે-ધીમે નીકળશે.

એક વિચારપ્રયોગ : બાપુને રસી લેવાનું કહીએ તો? એમની ગટ સેન્સ ખૂબ પાવરફુલ હતી. તેઓ રસી લેવાની તો કદાચ ના જ પાડે. એમને કાયરતાનો ભાસ જરૂર થાય. રસી લેવામાં કાયરતા છે જ. 'મરદને આવું ન શોભે' પ્રકારનાં બાપુશાહી વિધાનો એમનાં લખાણોમાં ઘણી વાર દેખાય છે. એ કદાચ એવું બોલે પણ ખરા. તેઓ કદાચ એમ પણ કહે કે 'જો ઉપરવાળાએ મને ઉઠાવી લેવાનું નક્કી કર્યું હોય, તો અને ત્યારે વિદાય થવાનો કોઈ વાંધો નથી. એની ઇચ્છા વગર આમેય ક્યાં કંઈ થવાનું છે? મારા મૃત્યુની ચિંતા કરવાવાળો હું કોણ?' આ વાત અવૈજ્ઞાનિક અને ભાવનાત્મક લાગી શકે. પણ બાપુની ભાષા છોડો. એમની ગટ સેન્સ પાછળની પેલી અસભાન ઊંડી બુદ્ધિને જુઓ! એ પણ બાપુની!

૫, આનંદવિલા, બંસલ મૉલની સામે, ગોત્રી, વડોદરા – ૩૯૦૦૨૧
૯૮૭૯૦૨૧૫૯૬ jagrut.gadit@gmail.com



## પ્રાસની રાસલીલા / અભિજિત વ્યાસ

શ્રી રાધેશ્યામ શર્મા આપણી ભાષાના એક અગ્રગણ્ય સર્જક છે અને એમણે સાહિત્યનાં લગભગ બધાં જ સ્વરૂપોમાં સર્જનકાર્ય કર્યું છે. નવલકથા, વાર્તા, વિવેચન, ચરિત્રલેખન, ભાષાંતર, સંપાદન અને કવિતાઓનાં એમનાં અનેકવિધ પુસ્તકો પ્રગટ થયાં છે. કવિતાના જ એમના આઠ જેટલા સંગ્રહો છે, જેમાં એક અંગ્રેજી કવિતાનો સંગ્રહ પણ આવી જાય. ૧૯૬૩માં એમનો પહેલો કાવ્યસંગ્રહ 'આંસુ અને ચાંદરણું' પ્રગટ થયેલો, ત્યારથી તેઓ સાતત્યપૂર્વક કાવ્યસર્જન કરતા રહ્યા છે. એમનો છેલ્લો અને આઠમો કાવ્યસંગ્રહ 'પ્રાસની રાસલીલા' ૨૦૧૯માં પ્રગટ થયો છે. સર્જન ક્ષેત્રે પ્રયોગશીલ સર્જક તરીકે તેઓ જાણીતા છે. એમના આ છેલ્લા કાવ્યસંગ્રહ વિષે થોડું મિતાક્ષરી –

કવિતામાં અને ખાસ કરીને ગઝલમાં પ્રાસનું મહત્ત્વ અનેરું છે. મુશાયરામાં કે સુગમસંગીતના કાર્યક્રમમાં પ્રાસ જ શ્રોતાઓને બાંધી રાખે છે. આ પ્રાસ ગળચટા હોય છે. શ્રોતાઓની દાદ મેળવવા માટે એ કદાચ મહત્ત્વના હશે, પણ અન્યથા એ લપસણો માર્ગ છે. કવિઓએ એનાથી બચવું રહ્યું. રાધેશ્યામ શર્મા તો મુખ્યત્વે અછાંદસ લખે છે. એટલે પ્રાસનું મહત્ત્વ છંદોબદ્ધ કૃતિઓને માટે જેટલું મહત્ત્વનું છે, તેટલું અછાંદસ કવિતાઓને માટે નહીં. તોપણ અછાંદસમાં પ્રાસને લયબદ્ધતા જાળવવા માટે કેટલાક કવિઓ અપનાવે છે. સંગ્રહના નિવેદન 'આંતરિક લયની પ્રયોગશીલ પ્રાસયાત્રા'માં તેઓ લખે છે, 'પ્રાસ વગર છંદોબદ્ધ કૃતિઓ કે ક્યારેક અછાંદસ રચનાઓનું નિર્વહણ ક્યારેય થયું નથી, થશે પણ નહીં'.(પૃ. ૫).

કવિતા એ આમ તો લીલા જ છે. અને કવિતામાં પ્રાસ તો હોય જ છે. પણ અહીં તો 'પ્રાસની રાસલીલા' છે. એટલે કે કવિએ સર્જનની લીલાને રાસલીલાની જેમ સર્જી છે. એટલે વાચકે પણ તેને લીલાની જેમ વાંચવાની. અછાંદસ કવિતામાં તેનું સ્ટ્રક્ચર અત્યંત મહત્ત્વનું હોય છે. એટલે કે છંદમાં આપણે જેને માત્રામેળ કહીએ છીએ, તેમ અછાંદસમાં પંક્તિઓની રજૂઆત કઈ રીતે થઈ છે, તેના આધારે કવિતા સર્જાય છે. અન્યથા એ એક સ્ટેટમેન્ટ (વિધાન) થઈ જાય. એટલે કૃતિની રચનાનો આકાર અત્યંત મહત્ત્વનો છે. અને કવિએ એ આકારમાં જ લીલા કરીને રાસલીલાનું સર્જન કર્યું. એક કવિતા 'શાહી'(૬૦)ની લીલાને જોઈએ –

ખડિયે
ખૂટી
તૂટી
એની
બૂટી
નહીં
તહીં
કલમ
ટટ્ટાર
થઈ
લટાર
મારવા
પાર્ક
બાગમાં
ગઈ
જ્યાં
છુપાયેલા
ચોરને
એકલા
મોરે
ટેહૂક
ગાઈ
ભગાડી
મૂક્યા

(પૃ. ૩૯)

રાધેશ્યામ શર્મા સાહિત્યમાં પ્રયોગ કરવાના સાહસવીર છે. 'પ્રાસની રાસલીલા' એ સાહસનું સર્જન છે.

'પ્રાસની રાસલીલા' – કવિ રાધેશ્યામ શર્મા
પ્રકાશક : રન્નાદે પ્રકાશન,
મૂલ્યઃ રૂ. ૮૦/–

‘શબવાહિની ગંગા’ની સાખે ● અનુ. પૃ. ૧થી...

આપ્યાં તે પૈકી ૮૪% આંતરરાષ્ટ્રીય સમજૂતી મુજબ કાયદેસરની જવાદારીવશ હતું. એ કોઈ દાનેશ્વરી ભારતચેષ્ટા નહોતી, પણ કાનૂનબદ્ધ જવાબદારી હતી.

બીજી લહરની પરાકાષ્ઠા સાથે સરકાર (શીર્ષ નેતૃત્વ) ઊંઘતાં ઝડપાયા વિશે કદાચ ખાસ કોઈ બહસની આવશ્યકતા ન હોવી જોઈએ. વાઈરસ અંગેની નિષ્ણાતી પૅનલ પરથી રાજીનામું આપી તાજેતરમાં છૂટા થયેલા વૈજ્ઞાનિક શાહીદ જમીલનું એક પાયાનું અવલોકન છે કે આપણે ત્યાં ટોચના નીતિઘડવૈયાઓ (નમો નેતૃત્વ અંગે રૂપાળું શબ્દઝભલું) પ્રમાણ આધારિત નિર્ણય અંગે હાડનો વિરોધ ધરાવે છે. ડેટા આધારિત નિર્ણય-પ્રક્રિયા કેમ જાણે અહીં છે જ નહીં. કથિત રાષ્ટ્રગૌરવ અને વ્યક્તિગત તરંગબુટ્ટો એ બેની કોકટેલ તમને એવી હાલતમાં મૂકે છે જે કાં તો નિષ્પરિણામી છે કે પછી ઘોર વિપરીતપરિણામી.

નમો વર્ષોમાં કલ્ચર સેક્રેટરી અને પ્રસારભારતીના સીઈઓની પાયરીએ રહેલા જવાહર સરકારે પ્રત્યક્ષ કાર્યાનુભવને સહારે જે તપસીલ આપી છે, એ જોતાં ‘પ્રમાણ આધારિત નિર્ણય’ને બદલે પ્રસ્તુત કોકટેલ શક્ય બને એવી આખી યંત્રણા (મિકેનિઝમ)નું ન જોવું હોય તો જ ન જોઈ શકાય એવું ચિત્ર સાંપડે છે. બધા પ્રધાનોના સચિવોથી માંડીને ખાતાકીય સચિવોની નિમણૂક સીધી પીએમઓ (વડાપ્રધાન સ્તો) હસ્તક, જે તે ખાતાના સચિવ સાથે (સંબંધિત પ્રધાનથી નિરપેક્ષપણે) સીધો સૂચનાવહેવાર : શરૂમાં જે હર્ષોદ્રિક હતો, કથિત ‘નિર્ણાયક નેતૃત્વ’નો, એ નેતૃત્વ એક નિયંત્રક અને બિનખુલ્લી તાસીરમાં ગયું. દરેક અગત્યની નિમણૂક સીધી વડાપ્રધાન દ્વારા — અલબત્ત, આરએસએસ, આઈબી અને જાસૂસી વડાના ‘ઇનપુટ્સ’ ખરાં, પણ સૌથી અગત્યનું ‘ઇનપુટ’ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારનું: જવાહર સરકારના શબ્દોમાં આ એક સ્તાલિનસહજ સંરચના છે. અને હા, સંસદીય લોકશાહીને વ્યવહારમાં પ્રમુખીય તંત્રમાં ફેરવી નાખતી પેરવી તો ઉઘાડી છે.

બીજી લહરની સાથે કામ, પાડવામાં શીર્ષ નેતૃત્વની નિષ્ફળતા સાફ દેખાઈ (કવયિત્રીના શબ્દોમાં ‘રાજા નંગા’ વરતાયા) ત્યારે કંઈક પથસંસ્કરણ, કંઈક હોસલાઅફઝાઈ અને કંઈક સરકારી બચાવકામગીરી એમ સંઘે ‘પૉઝિટિવિટી અનલિમિટેડ’ (સકારાત્મકતા અપરંપાર) એવી હવા બનાવતી મુદ્રામાં નિજનું મોચન લહવાની કોશિશ કરી. સંઘના રાષ્ટ્રીય મુખપત્ર ‘ઑર્ગેનાઇઝર’ (૨૩ મે)ની કવરસ્ટોરી ‘પૉઝિટિવિટી અનલિમિટેડ’ છે, તો સરસંઘચાલક ભાગવતના ઠીક ઠીક પ્રસારિત વ્યાખ્યાનનું વસ્તુ પણ એ જ હતું.

ભાગવતના એક અવલોકનને મેં હમણાં જે ત્રણ વાનાં કહ્યાં — પથસંસ્કરણ, હોસલાઅફઝાઈ અને સરકારી બચાવકામગીરી — એના સંદર્ભમાં, એમના જ શબ્દોમાં મૂકું તો “ક્યા જનતા, ક્યા શાસન, ક્યા પ્રશાસન, સભી ગફલતમેં આ ગયે.” જનતા બાબતે તો જાણે કે બરોબર કે માસ્ક અને શારીરિક દૂરતા એ બંનેના ચુસ્ત પાલનમાં શિથિલતા બેલાશક ટીકાપાત્ર છે અને આ બાબતમાં સ્વયંસ્ફૂર્ત શિસ્ત અને આગ્રહ જરૂરી છે. પણ સરસંઘચાલકે એકીશ્વાસે જનતા સાથે ‘ક્યા શાસન, ક્યા પ્રશાસન’ એવો જ ઉલ્લેખ કર્યો, તે સાથે એનો કાકુ જોતાં શાસન અને નેતૃત્વની જવાબદારી પરનો ભાર અકારણ ઓછો થઈ જાય છે અને ગફલતગોથામાં જે મુદ્રા અને જે માનસિકતાની શીર્ષ સ્તરે સિંહજવાબદારી હોવી જોઈએ, તે લગભગ સોયનાકામાંથી પસાર થઈ ગયેલા ઊંટ જેવો ચમત્કાર સરજી અળપાઈ જાય છે. (સંભારો, કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરના ઉદ્ગારો કે સરકારે પહેલી લહેર પછી હાથ ઊંચા કરી દીધા એમ કહેવું મનઘડંત (મિથ) છે, અને સત્યથી દૂર એવું કોઈ બીજું વિધાન હું કલ્પી શકતો નથી.)

આ તબક્કે નોંધવું જોઈએ કે ‘ક્યા શાસન, ક્યા પ્રશાસન’ એ પ્રકારના ઉલ્લેખમાં જે મોળપ અને મોડપ હતી તે સંઘશ્રેષ્ઠી રામ માધવે સહેજસાજ પૂરી જરૂર કરી. રામ માધવના શબ્દોમાં “સહેજ વધુ પારદર્શિતા (ટ્રાન્સપરન્સી), લોકો જોડે સહેજ વધુ સંપર્કસંડોવણી (ઍન્ગેજમેન્ટ), રચનાત્મક આલોચના પરત્વે સહેજ વધુ ખુલ્લાપણું (ઓપનનેસ) અને એવું સહજ વધુ ખુલ્લાપણું પ્રબુદ્ધ નિષ્ણાતમત પરત્વે જરૂરી છે.” આ રીતે જોઈએ તો ભાગવતનું વ્યાખ્યાન દેખીતી ‘ક્લીન ચિટ’ છતાં ‘ક્લીન ચિટ’ કદાચ નથી. રચનાકારને રાજાનું જે રૂપ દેખાયું તે જોઈ શકાય એવી સગવડ જો એના સગડ પકડીએ તો એમાં કદાચ પડેલી પણ છે. અલબત્ત, ન તીક્ષ્ણ દંડ, ન યથાર્હ દંડ પણ હળવીક ટપલી શો મૃદુ દંડ તમે એને નિઃસંકોચ કહી શકો. ચાણક્યે જેનો મહિમા અને અનુમોદના કીધાં છે તે યથાર્હ દંડ દેવામાં સરસંઘચાલક ઊણા ઉતર્યા છે. છેલ્લાં વર્ષોમાં સરકારના જોડીદારને બચાવકાર તરીકે સતત ઝળકતા રહેલા અનુપમ ખેરને પણ આ દિવસોમાં એટલું તો લાગ્યું અને સમજાયું છે કે સરકારે પોતાની ‘પ્રતિભાનિખાર’ (ઇમેજબિલ્ડિંગ) અંગેના અગ્ર અભિગમથી હટીને પોતાની જવાબદેહી સ્વીકારવી રહે છે. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ એડવાન્સ સ્ટડી (સિમલા)ના ભાજપચહેતા નિયામક મકરંદ પરાંજપેએ પણ નોંધ્યું છે કે મોદીની છાપ નીચે ગઈ છે અને એમનો ઘમંડ તેમજ અજેયતાની આભા બેઉ પાછાં પડ્યાં છે. વધુમાં, બિલકુલ શાહીદ જમિલની જેમ, પરાંજપેએ ઉમેર્યું છે કે આપણો વૈજ્ઞાનિક સમુદાય ચેતવણીનાં જે વેણ ઉચ્ચારે છે, તે સરકારે કાને ધરવાં જોઈએ.

ગમે તેમ પણ, બીજી લહરને અંતે જે વિભીષિકાનો અનુભવ (અને તે બાબતે શીર્ષ બેજવાબદારી) વરતાયાં એ આખું ચિત્ર અરુણ શૌરીએ અરુંધતી રૉયને ટાંકીને કહ્યું છે તેમ ‘અ ક્રાઇમ અગેન્સ્ટ હ્યુમેનિટી’ છે અને તે માટે સિસ્ટમ નહીં પણ નેતૃત્વ દ્વારા ‘સિસ્ટમેટિક પરવર્ઝન ઑફ ધ સિસ્ટમ’ જવાબદાર છે.

‘શબવાહિની ગંગા’નું દૃશ્ય રચનાકારને રાજા નંગા એમ કહેવા પ્રેરે છે તે કોઈ અભદ્ર, અશિષ્ટ ઉદ્ગાર નથી. હમણાં અરુણ શૌરી અને અરુંધતી રૉયનું જે અવલોકન સંભાર્યું તે ‘રાજા નંગા’ સરખી સહજોક્તિમાં સચોટ અભિવ્યક્તિ પામે છે.

વિશ્વસાહિત્યના ઇતિહાસમાં આ અમર ઉક્તિ અનોખા પરીકથાકાર હાન્સ ક્રિશ્ચન એન્ડરસેનને નામે દર્જ છે. દિવ્ય વસ્ત્રોને નામે રાજાની વાસ્તવિક નિર્વસ્ત્રતા બાબતે સૌ ચૂપ ને મૂંગુંમંતર હતું, ત્યારે એક બાળકનો ઉદ્ગાર આવી પડ્યો હતો કે ‘રાજા નાગો!’ યુરોપના વિવિધ દેશોમાં તેમ આપણે ત્યાંય આ કુળની વાર્તા જૈન પરંપરામાં મળે છે.

આ વસ્તુ સમજ્યા વગર પારુલ ખખ્ખર પર તર્કમુક્ત, કમરપટ્ટા તળેની હિંસ્ર ભાષામાં જે સતત મારો ચાલ્યો એને વિશે શું કહીશું. ભાઈ, તમારું મૂલ્યાંકન જુદું હોય તો તર્ક અને વિગતસહ ધોરણસરની ચર્ચા કરોને. જેમ પારુલના તેમ તમારાયે અભિવ્યક્તિસ્વાતંત્ર્ય પરત્વે સમાદર જ છે. સવાલ ધારાધોરણસરની ચર્ચાનો છે.

દરમિયાન, હમણાં તો, શબવાહિની ગંગાની સાખે જે સમજ સાફ થઈ તે ખરી.

પ્ર.ન.શા.

મે ૨૪, ૨૦૨૧

Reg.under RNI NO. GUJGUJ/2009/29656, Registered under Postal Registration No. GAMC-777/2021-2023 valid upto 31st December-2023 issued by the SSPO's Amdavad City Division, Permitted to Post at Amdavad PSO on 1st & 16th of every MonthPublish on 1st & 16th of every Month..

## ન્યૂ નૉર્મલ
# ધીરે-ધીરે હું પણ

નિહાર મેઘાણી

પિત્ઝાની રેસ્ટોરાંમાં જઈ પિત્ઝાનો ઑર્ડર આપ્યો. પણ પ્લેટમાં સૂકા સેવ-મમરા પકડાવી દેતાં કહેવામાં આવ્યું કે આ જ છે, ખાવું હોય તો ખાવ નહીં તો ઊપડો, પૈસા પાછા નહીં મળે.

હું સ્તબ્ધ બન્યો, પણ જોયું તો ખ્યાલ આવ્યો કે ત્યાં બેઠેલાં ૮૦-૯૦ લોકો પ્રેમથી સેવ-મમરા જ ખાઈ રહ્યાં હતાં. અમુક તો ખુરશીના અભાવે નીચે બેસી ગયાં હતાં.

અચરજ સાથે મેં પૂછ્યું - તમે પિત્ઝા મંગાવ્યા તો સેવ-મમરા કેમ ખાવ છો?

તો એમાંથી એક-બે ગ્રાહકો જરા આકરા બની ગયા - આમાં શું વાંધો છે તમને ! કેમ સેવ-મમરા પેટ ન ભરે ! હોટલવાળો ભગવાન નથી કે જે કહો એ હાજર કરી દે. એ પણ માણસ છે, અહીંયાં બધા પિત્ઝાના ઓર્ડર આપે તો આટલા પિત્ઝા બિચારો કેમ આપી શકે? ટીકા જ કરો છો, તો બનાવી જુઓ પિત્ઝા એક વાર, ખબર પડે.

મેં કહ્યું - પણ ભાઈ, હું પિત્ઝા ખાવા આવેલો અને પૈસા પણ એના જ ચૂકવેલા છે.

તો કહે - તમે તો ઊંધિયું માંગો, એટલે શું ઊંધિયું હાજર કરી દેવાનું ? અમે બધાં સેવ-મમરા ખાઈએ છીએ, પણ અમને તો કોઈ વાંધો નથી ! સાત વરસ પહેલાં અહીં સેવ-મમરાની જ દુકાન હતી, ત્યારે તો બધાં એ જ ખાતાં, તો હવે શું વાંધો છે? અને જો વિદેશી વાનગી આટલી જ પસંદ હોય તો દેશ છોડી ત્યાં જ જતા રહોને !

મેં કહ્યું - પણ હવે તો સેવ-મમરાની જગ્યાએ પિત્ઝાની હોટલ ખૂલી ગઈ છે ને!

તો કહે - તો શું ? દુકાન બંધ કરાવી દેવા માંગો છો ? આતંકવાદી છો? આ હોટલવાળાની આજીવિકા છીનવી લેવા

માગો છો? આપણા ગામના પિત્ઝાવાળોં સપોર્ટ કરવાને બદલે નૅગૅટિવ વાતાવરણ ઊભું કરો છો? મેં સમજાવવા ઘણા પ્રયત્નો કર્યા કે આ હોટલના માણસો પોતે પિત્ઝાનાં ફરફરિયાં ઘરે આપી ગયા હતા. અહીં મેં પિત્ઝા માટે જ પૈસા આપ્યા છે, ને સેવ-મમરા તો મેનુમાં પણ નથી, તો આ કઈ રીતે સ્વીકારી લઉં?

આટલામાં સફેદ દાઢીધારી હોટલના માલિક સ્વયમ્ પ્રગટ થયા - ઓ ભાઈ, સેવ-મમરાસે ક્યા તકલીફ હૈ આપકો ? અગર ઇટલી કી ચીઝે ઇતની પસંદ આતી હૈ તો ક્યું આયે હો યહાઁ ? આપ ઇટલીવાલે હો ક્યા? અપને દેશકો પ્યાર નહીં કરતે હો ક્યાં? અપને દેશકી સંસ્કૃતિ પસંદ નહીં આતી હૈ ક્યા? દેશકી આર્મી સીમાઓ પે લડ રહી હૈ ઔર આપકો પિત્ઝા ખાના હૈ ? દેશ કે કિસાન ઇતની મહેનત કરતે હૈં, ઔર તુમ દેશદ્રોહ કરોગે? માલૂમ હૈ અંદરવાલે સબ દોસ્ત હૈ અપને ! કરવા દુ ક્યા અંદર?

મને આ મોટું ચિટિંગ લાગ્યું. એટલે આ અંગે ફરિયાદ કરવી એમ વિચારતો હતો.

ત્યાં જ બે-ચાર ભણેલા લાગતા લોકો પોતાના સેવ-મમરા પડતા મૂકી સમજાવવા માંડ્યા - જો ભાઈ, ગામમાં માત્ર એક જ પિત્ઝાવાળો છે. જેવો હોય એવો છે, તો ખરો. પિત્ઝાના બદલે કંઈક તો આપે જ છેને ! તમારા પૈસા ચોરીને ભાગી તો નથી ગયો ને ! માટે જે મળે એને ભગવાનનો પ્રસાદ સમજી સ્વીકારી લેવાનો. જીવનમાં પૉઝિટિવ બનો.

આમ પણ ગામમાં પિત્ઝા માટે આ સિવાય ઑપશન પણ નથી.

બહાર જઈ જોયું તો મારા જેવાં પાંચ-દસ જણાં પિત્ઝાનું રિફંડ લેવા આંદોલન કરી રહ્યાં હતાં. જેને જોઈ, અંદરથી નીકળતા ગ્રાહકો સેવ-મમરા ચાટેલાં પોતાનાં આંગળાં એમની તરફ ચીંધી અટ્ટહાસ્ય કરતાં પસાર થતાં હતાં.

ધીરે-ધીરે હું પણ માનવા માંડ્યો છું કે આ તો આવું જ હોય, આમાં કાઈ ખોટું નથી. ઉપરથી સેવ-મમરા ખૂબ ભાવવા લાગ્યા છે. કારણ કે એક તો એ સ્વદેશી વાનગી છે અને બીજું ઑપશન ક્યાં છે જ ?

#i_Support_ચંગાનંગાબિલ્લા_રંગા

(ફેસબુક સૌજન્ય)

**Publisher, Editor and Printer :** Prakash N. Shah on Behalf of Nireekshak Foundation. 'Prakash' Bunglow, Nr. Abhinandan Flats, B/h. Navarangpura Post Office, Navarangpura, Ahmedabad-380 009. Phone : 079-26562806 E-mail : prakash.nireekshak@gmail.com
**Printed at** Shardul Printing Press, B/6, Rambha Complex, Income Tax, Ashram Road, Ahmedabad-14. E-mail : shardulpress@gmail.com